અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ પાંચમ | અંક : ૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ૬ ઓક્ટોબર સુધી ઈન્ટરનેટ બંધ : વિદ્યાર્થીઓની હત્યાને લઇ મણિપુરના ચુરાચાંદપુરમાં સંપૂર્ણ બંધનું એલાન કરાયું

### બે વિદ્યાર્થીઓના અપહરણ અને હત્યાના કેસમાં ૪ આરોપીઓની ધરપકડના વિરોધમાં ITLF સહિત અન્ય આદિવાસી સંગઠનો દ્વારા સંપૂર્ણ બંધનું આહ્વાન

। ઈમ્ફાલ, તા.૨ ।

મણિપુરમાં ફરી એકવાર સ્થિતિ નાજુક બનતી જોવા મળી રહી છે. વાત જાણે એમ છે કે, કેન્દ્રીય તપાસ એજન્સીઓએ બે વિદ્યાર્થીઓના અપહરણ અને હત્યાના કેસમાં ૪ આરોપીઓની ધરપકડ કરી છે. રાજ્ય સરકારનું કહેવું છે કે, આરોપીઓને મહત્તમ સજા સુનિશ્ચિત કરવામાં આવશે. આ દરમિયાન તેમની ધરપકડના વિરોધમાં ઈન્ડીજીનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (ITLF) સહિત અન્ય આદિવાસી સંગઠનોએ સોમવાર, ૨ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ વાગ્યાથી ચૂરાચંદપુર જિલ્લામાં સંપૂર્ણ બંધનું આહ્વાન કર્યું હતું. સ્થિતિને જોતા મણિપુર સરકારે મોબાઈલ ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ૬ ઓક્ટોબર સુધી લંબાવ્યો છે. વાસ્તવમાં મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રવિવારે કહ્યું કે, CBIએ બે મણિપુરી વિદ્યાર્થીઓના અપહરણ અને હત્યાના કેસમાં ચાર લોકોની ધરપકડ કરી છે અને સરકાર તેમને મહત્તમ સજા સુનિશ્ચિત કરશે. મુખ્ય આરોપીની પત્ની સહિત ચારેયને સ્પેશિયલ ફલાઈટમાં રાજ્યની બહાર લઈ જવામાં આવ્યા છે. બીજી તરફ કુકી સમાજના સંગઠનોએ આ ધરપકડોને અપહરણ



ગણાવીને વિરોધ કર્યો છે. તેઓએ રવિવારે રાત્રે ચુરાચંદપુર પોલીસ સ્ટેશનની બહાર મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમજ ૧ ઓક્ટોબરથી ચુરાચંદપુરના વિવિધ વિસ્તારોમાં અલગ-અલગ સમયગાળા માટે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. મણિપુરના માન્ય આદિવાસી જૂથ ITLF એ ધરપકડના વિરોધમાં સોમવારે સવારે ૧૦ વાગ્યાથી ચુરાચંદપુર જિલ્લામાં અનિશ્ચિત હડતાળનું આહ્વાન કર્યું હતું અને સરકારને અલ્ટીમેટમ આપ્યું હતું કે તેઓને ૪૮ કલાકની અંદર મુક્ત કરવામાં આવે. ચુરાચંદપુર સ્થિત જોઈન્ટ સ્ટુડન્ટ બોડી (JSB) એ પણ સોમવારે સવારે ૬ વાગ્યાથી જિલ્લામાં ૧૨ કલાકના બંધનું આહ્વાન કર્યું હતું.

ITLF દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, લામકામાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૨ સગીર સહિત ૭ કુકી-ઝોના અપહરણના કિસ્સામાં વિવિધ સંસ્થાઓની સંયુક્ત બેઠકમાં નીચેના નિર્ણયો લેવામાં આવ્યા હતા. લામકાના નાગરિક સમાજ સંગઠનો લેવામાં આવ્યા છે.

૧. અપહરણના વિરોધમાં ૨ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સવારે ૧૦ વાગ્યાથી લામકા જિલ્લામાં અનિશ્ચિત બંધનું એલાન કરવામાં આવ્યું છે.

૨. NIA અને CBIને ૪૮ કલાકની અંદર અપહરણ કરાયેલા ૭ને મુક્ત કરવા વિનંતી કરવામાં આવે છે, અન્યથા મણિપુરના તમામ પહાડી જિલ્લાઓમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

૩. Meitei ને અડીને આવેલા તમામ સરહદી વિસ્તારો ૧ ઓક્ટોબરથી સીલ કરવામાં આવશે. કોઈને પણ બફર ઝોનમાં પ્રવેશવા કે બહાર જવા દેવામાં આવશે નહીં. તેમજ તમામ સરકારી કચેરીઓ બંધ રહેશે.

૪. પાણી પુરવઠો, પ્રેસ અથવા મીડિયા, તબીબી, વીજળી અને ITLF કર્મચારીઓ જેવી આવશ્યક સેવાઓને બંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

મણિપુર સરકારે રવિવારે રાજ્યમાં મોબાઈલ ઈન્ટરનેટ પ્રતિબંધને તાત્કાલિક અસરથી વધુ પાંચ દિવસ માટે લંબાવ્યો છે. મતલબ કે હવે મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ ૬ ઓક્ટોબર સુધી સ્થગિત રહેશે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ જુલાઈમાં ગુમ થયેલા બે મેઈટી વિદ્યાર્થીઓની હત્યાના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કર્યાના કલાકો પછી આ જાહેરાત કરવામાં આવી છે. હત્યા સંબંધિત વ્યાપક વિદ્યાર્થીઓના વિરોધને પગલે શરૂઆતમાં ૨૬ સપ્ટેમ્બરે પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા રવિવારે જાહેર કરાયેલ એક નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, સંભવ છે કે કેટલાક અસામાજિક તત્વો મોટા પાયે સોશિયલ મીડિયાનો ઉપયોગ તસવીરો, દ્વેષપૂર્ણ ભાષણો અને જાહેર લાગણીઓને ઉશ્કેરતા નફરતભર્યા વિડિયો સંદેશાઓ ફેલાવવા માટે કરે છે, જે ગંભીર હોઈ શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### કોંગ્રેસની સરકાર બનશે તો મપ્રમાં જાતિ આધારિત વસતી ગણતરી થશે



। ભોપાલ, તા.૨ ।

બિહારમાં નીતિશકુમારની સરકારે જાતિ આધારિત વસતી ગણતરીના આંકડા જાહેર કર્યા છે. બિહાર સરકાર દ્વારા જાતિ આધારિત વસતી ગણતરીના આંકડા જાહેર કરવા પર મધ્ય પ્રદેશના પૂર્વ સીએમ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનવા પર જાતિ આધારિત વસતી ગણતરી કરાવવામાં આવશે. કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે કહ્યું કે, મેં હંમેશા જાતિ આધારિત વસતી ગણતરીનું સમર્થન કર્યું છે. જો મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનશે તો અહીં અમે જાતિ આધારિત વસતી ગણતરી કરાવીશું. બિહાર સરકારે જાતિ આધારિત વસતી ગણતરી પૂર્ણ કરી છે. મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓએ તેનો રિપોર્ટ જાહેર કર્યો.

### હું અહીં નોકરી કરવા નહીં પણ લોકોની સેવા કરવા માટે આવ્યો છું : આઝાદ



। જમ્મુ, તા.૨ ।

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી તથા ડેમોક્રેટિવ પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટીના અધ્યક્ષ ગુલામ નબી આઝાદે ઉપરાજ્યપાલ બનાવવા અંગેના સવાલ પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે હું અહીં નોકરી કરવા નહીં પણ લોકોની સેવા કરવા આવ્યો છું. પૂર્વ કોંગ્રેસ નેતાએ ડેમોક્રેટિવ પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી (ડીપીએપી) ના સ્થાપના દિવસ પર આયોજિત રેલીમાં અફવાઓને નકારતાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે લોકો આવી અફવાઓ પર વિશ્વાસ ન કરે. આઝાદે કહ્યું કે અમુક લોકો અફવા ફેલાવી રહ્યા છે કે હું પુર્નવાસની શોધમાં છું. જ્યારે હું ૨૦૦૫માં મુખ્યમંત્રી હતો તો લોકોની સેવા કરવા બે કેન્દ્રીય મંત્રાલય આવાસ અને શહેરી વિકાસ તથા સંસદીય કાર્ય છોડી દીધા હતા. એવું નહોતું કે મારી પાસે કોઈ કામ નહોતું.

### મહાનગર ગેસ લિ. દ્વારા ભાવ ઘટાડતા લોકોને રાહત

# સીએનજીમાં 3 અને પીએનજીની કિંમતમાં કિલોએ ૨ રૂપિયાનો ઘટાડો

### આ ફેરફાર ૧ ઓક્ટોબર ૨૦૨૩ની મધ્યરાત્રીથી લાગુ ૨ ઓક્ટોબરની સવારથી નવા ભાવ અમલમાં આવી ગયા

। નવી દિલ્હી, તા.૨ ।

મહાનગર ગેસ લિમિટેડ દ્વારા ભાવ ઘટાડતા લોકોને મોટા રાહત મળી છે. કંપનીએ મુંબઈ અને તેની આસપાસના ઉપનગરોમાં સીએનજી અને પીએનજીની કિંમતમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. જેમા સીએનજીની કિંમતમાં પ્રતિ કિલોએ ૩ રુપિયા અને પીએનજીમાં પ્રતિ કિલો ૨ રુપિયા ઘટાડવાની જાહેરાત કરી છે. મહાનગર ગેસ લિમિટેડ દ્વારા આપેલા એક નિવેદનમાં કહ્યુ હતું કે, એમજીએલને મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં સીએનજીના ભાવમાં પ્રતિ કિલોએ ૩ રુપિયાનો ઘટાડો કર્યો છે. તેમજ ઘરેલુ પીએનજીમાં ભાવમાં ૨ રુપિયાનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ ફેરફાર ૧ ઓક્ટોબર ૨૦૨૩ની મધ્યરાત્રીથી લાગુ કરી દેવામાં આવ્યો છે એટલે કે ૨ ઓક્ટોબર ૨૦૨૩ની સવારથી નવા ભાવ અમલમાં આવી જશે. હાલમાં શહેરમાં સીએનજીના નવો ભાવ ૭૬ રુપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. તો સ્થાનિક પીએનજી ના ભાવ ૪૭ રુપિયા પ્રતિ કિલો થઈ ગયા છે.

### વંદે ભારત ટ્રેનને લઈને સતત ચિંતાજનક સમાચાર

# ઉદયપુર-જયપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને ઊથલાવવાનો કરાયેલો પ્રયાસ

### વંદે ભારત ટ્રેન ઉથલાવવા માટે ટ્રેક પર પથ્થર અને લોખંડની કડીઓ મુકાઈ હોવાની ઘટના સામે આવી

। ભીલવાડા, તા.૨ ।

દેશમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સૌકોઈ માટે રાહત સમાન સાબિત થઈ રહી છે, તો કેટલાક બદમાશો પથ્થરમારો વંદે ભારત ટ્રેનમાં અડચણો પણ ઉભા કરતા હોવાના અહેવાલો સતત મળતા રહ્યા છે. ટ્રેન પર અવારનવાર પથ્થરમારાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે આજે રાજસ્થાન ના ઉદયપુર-જયપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ઉથલાવવા માટે ટ્રેક પર પથ્થર અને લોખંડની કડીઓ મુકાઈ હોવાની ઘટના સામે આવી છે. કોઈ વ્યક્તિને ટ્રેનના ભીલવાડા પાસેના રૂટ પર પથ્થર મળ્યા છે, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે... વીડિયોમાં દેખાય છે કે, ટ્રેનની થોડી આગળ ટ્રેક પર પથ્થરો અને લોખંડની કડીઓ મુકવામાં આવી છે. કેટલાક બદમાશોએ ઉદયપુર-જયપુર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના રૂટના ટ્રેક પર મોટા પથ્થરો અને લોખંડની કડીઓ મુકી ટ્રેને ઉથલાવવાનો પ્રયાસ કરવાનું ષડયંત્ર રચ્યું હતું.

### અખિલેશે લોકસભાની ભાજપ પર નિશાન તાક્યું

# યુપીની પ્રજાએ ભાજપને સત્તા પરથી હટાવવાનું મન મનાવી લીધું : અખિલેશ

### જાતિ આધારિત વસતી ગણતરી કરવામાં આવે, તેના વગર તો સામાજિક ન્યાય સંભવ જ નથી : સપાના નેતાનો દાવો

। લખનઉ, તા.૨ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ને લઈને અખિલેશ યાદવે ભાજપ સામે નિશાન તાક્યું છે. તેમણે કહ્યું કે હવે સત્તામાં વાપસીનો અમારો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે દેશની પ્રજા આ વખતે ભાજપને હરાવવા માગે છે અને સત્તામાંથી હટાવવા માગે છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશની જનતાએ મન બનાવી લીધું છે કે ભાજપને યુપીની સત્તામાંથી હટાવીશું. તેમણે જાતી આધારિત વસતી ગણતરી ઉપર પણ ભાર મૂક્યો હતો. સપાના પ્રમુખે કહ્યું કે હવે તો દરેક તરફથી એ વાત સાંભળવા મળી રહી છે કે જાતિ આધારિત વસતી ગણતરી કરવામાં આવે. તેના વગર તો સામાજિક ન્યાય સંભવ જ નથી. અખિલેશ યાદવે આ ટોણો ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપને માર્યો હતો. આ દરમિયાન અખિલેશ યાદવે મહિલા ધારાસભ્યને લઈને પણ સવાલો ઊઠાવ્યા હતા.









**ન્યૂઝ બ્રિફ**

## શિયાળાની શરૂઆત નવેમ્બર મહિનાના મધ્ય સુધી થઈ શકે

। અમદાવાદ, તા.૨ ।

દેશભરમાંથી હવે ચોમાસું વિદાય લઈ રહ્યું છે, ભાદરવાનો તાપ પોતાનો પ્રકોપ બતાવી રહ્યો છે. હવે રાહ જોવાઈ રહી છે શિયાળાની. જો કે ગજરાતના લોકોએ શિયાળાની શરૂઆત માટે નવેમ્બરના મધ્ય સુધી રાહ જોવી પડે તેમ છે, તો બીજી તરફ વરસાદ નવરાત્રિની મજા બગાડી શકે છે. રાજ્યમાં ૧૦ ઑક્ટોબરથી ચોમાસું લેશે વિદાય તેવું હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું. સાથે જ તેમણે કહ્યું કે, આ વખતે શિયાળો મોડો બેસશે. પરંતુ તેમણે નવરાત્રિમાં આપી વરસાદની આગાહી છે. આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આ વર્ષે લોકોને શિયાળાનો મોડો અહેસાસ થશે. અલ-નીનોની અસરના કારણે વાતાવરણમાં ઠંડક મોડા અનુભવાશે. ચોમાસુ ૧૦ ઓક્ટોબર સુધી વિદાય લેશે. ભેજવાળા વાતાવરણને લઈને બપોરે ગરમી અને સવાર અને સાંજ થોડી ઠંડક અનુભવાશે. અલ નીનોના કારણે સમગ્ર અસર છે. પરંતુ નવરાત્રિના મધ્ય દિવસોમાં વરસાદ રહી શકે છે. ૧૦ ઓક્ટોબરે એક સિસ્ટમ બનવાને લઈને ૧૩ અને ૧૪ ઓક્ટોબરે વાદળછાયું વાતાવરણ રહેશે. જ્યારે ૧૭ થી ૨૦ ઓક્ટોબરે વરસાદ રહી શકે છે. દેશભરમાંથી હવે ચોમાસું વિદાય લઈ રહ્યું છે, ભાદરવાનો તાપ પોતાનો પ્રકોપ બતાવી રહ્યો છે. હવે રાહ જોવાઈ રહી છે શિયાળાની. જો કે ગજરાતના લોકોએ શિયાળાની શરૂઆત માટે નવેમ્બરના મધ્ય સુધી રાહ જોવી પડે તેમ છે, તો બીજી તરફ વરસાદ નવરાત્રિની મજા બગાડી શકે છે. ઓક્ટોબરની શરૂઆત થઈ ચૂકી છે. વરસાદે પોતાની ઈનિંગ લગભગ પૂરી કરી લીધી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી જયંતિ નિમિત્તે અમદાવાદના થલતેજ વિસ્તારમાંથી ખાદીની ખરીદી કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશનની મુહિમમાં સહભાગી થયા હતા. સ્વદેશીના પ્રતીક સમાન ખાદીની ખરીદી કરીને મુખ્યમંત્રીએ 'લોકલ ફોર વોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સૂત્રોને સાકાર કરવાની દિશામાં પોતાનું યોગદાન અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ થલતેજ વિસ્તારમાં આવેલ ભારત ખાદી ગ્રામોદ્યોગ સંઘના યુનિટ યશ ખાદી એમ્પોરિયમમાંથી પોતાના માટે ખાદીની ખરીદી કરી હતી. આ પ્રસંગે મેયર પ્રતિભા જૈન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, નારણપુરાના ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલ સહિત મ્યુનિ. કોર્પોરેશનના સભ્યો અને શહેર ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રક અને કાર વચ્ચે થયો ગોઝારો અકસ્માત, ત્રણ લોકોના મોત

। જામનગર, તા.૨ ।

જામનગર-કાલાવડ હાઈવે રવિવારે રાત્રે રક્તરંજિત થયો છે. મોટી માટલી પાસે કાર અને ટ્રેક્ટર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો છે. જેમાં સૈયદ પરિવારના ત્રણ લોકોના મોત નિપજયા છે. આ સાથે અન્ય બે લોકો ગંભીરરીતે ઘાયલ થયા હતા. જેઓને સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરી જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. જામનગરમાં ગોઝારા અકસ્માતના આ સમાચાર મોડી રાત્રે મળતા જ સમગ્ર મુસ્લિમ સમાજમાં શોક જોવા મળ્યો છે. જામનગર કાલાવડ હાઈવે પર મોટી માટલી ગામ પાસે જ્ઞ૧૦ન્ન્ન૭૨૬૪ નંબરની કાર અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૩ લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા અને ૨ ગંભીર લોકોને ગ્રામજનોએ તાત્કાલિક કાઢી બચાવ કામગીરી હાથ ધરી હતી. આ અંગેની ૧૦૮ને જાણ થતાં જ તાબડતોબ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફત જી.જી. હોસ્પિટલ સારવારમાં ખસેડાયા છે. જામનગર-કાલાવડ હાઈવે પર રવિવારની રાત્રે મોટી માટલી ગામ નજીક અકસ્માતની ગોઝારી દુર્ઘટના ઘટી છે.

### સીસીટીવીમાં એક્ટિવા પર આવેલો યુવક થયો કેદ

# ત્રિકમપુરા કેનાલ પાસેથી કોથળામાંથી યુવકની લાશ મળી આવતા ચકચાર

### વટવા જીઆઈડીસી પોલીસે હત્યાનો ગુનો નોંધી એક શકમંદ શખ્સની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે

। અમદાવાદ, તા.૨ ।

ત્રિકમપુરા કેનાલ પાસેથી એક મોં પર કપડુ બાંધેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ લાશ અહીં કોણ ફેંકી ગયુ, કોણે હત્યા કરી તેને લઈને રહસ્ય ઘેરુ બન્યુ છે. પોલીસે તપાસ કરતા આસપાસના સીસીટીવી તપાસ્યા હતા. જેમાં એક્ટિવા પર આવેલ એક શખ્સ સીસીટીવીમાં કેદ થયો છે. વટવા GIDC પોલીસે હત્યાનો ગુનો નોંધી એક શકમંદ શખ્સની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. કોથળામાંથી લાશ બહાર કાઢતા યુવકનો મૃતદેહ હોવાનુ સામે આવ્યુ છે. તેના મોઢાના ભાગેથી લોહી નીકળી રહ્યુ હતુ. જો કે લાશની ઓળખ થઈ ન હતી.

બપોર બાદ તપાસ કરતા વસ્ત્રાલ ગામમાં રહેતા હરજીભાઈ રણછોડભાઈ રબારી નામના વ્યક્તિની લાશ હોવાનું સામે આવ્યું હતું. બાદ પોલીસે કેનાલ નજીકના સીસીટીવી તપાસ કરતા એક સીસીટીવી ફૂટેજ હાથે લાગ્યા હતા. જેમાં વહેલી સવારે ૪.૩૦ વાગ્યે એક એક્ટિવા પર મોઢે રૂમાલ બાંધી અને હત્યા કરેલી લાશનો કોથળો ફેંકી જેતો રહ્યો હોવાની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. જેને લઈ વટવા જીઆઈડીસી પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. મૃતક હરજીભાઈ રબારી પરણિત છે અને વસ્ત્રાલમાં રહે છે ગઈકાલ રાતથી ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ આજે વહેલી સવારે કોથળામાં હત્યા કરેલી હાલતમાં લાશ મળી. વહેલી સવારે હત્યા કરેલી લાશ એક્ટિવામાં આવેલો શખ્લ ફેંકી જાય છે તેની પોલીસે તપાસ શરૂ કરી છે.

### પહેલા માળે પાર્ક થશે ૩૦૦થી વધુ ટ્રકો-ટેમ્પા

# સુરતમાં બનશે દુબઈ જેવું માર્કેટ ! એક કરોડ લોકોને પહોંચશે શાકભાજી

। સુરત, તા.૨ ।

સુરતમાં અંદાજીત ૧૧૦ કરોડના ખર્ચે રાજ્યની પ્રથમ ફલાયઓવર આધુનિક એપીએમસી માર્કેટ બનવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ચેરમેન સંદીપ દેસાઈને પત્ર લખી ગુજરાતની સૌથી આધુનિક માર્કેટ યાર્ડ તરીકે સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ને સન્માનપત્ર મોકલી ભવિષ્યની સુરતની વસ્તીને ધ્યાને રાખી માર્કેટનો વિસ્તાર કરવાનું સૂચન કર્યું હતું. એને પગલે ચેરમેન સંદીપ દેસાઈને અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં સુરત એપીએમસી માર્કેટ ટ્રેડને રાજ્યની પ્રથમ ફલાયઓવર શાકભાજી માર્કેટ યાર્ડ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આધુનિક



એપીએમસી માર્કેટમાં ૧૦૦ ફૂટ પહોળા રેમ્પથી શાકભાજીની ૮૦ ટ્રકો અને ૨૦૦ ટેમ્પો સીધા પ્રથમ માળે પાર્ક થઈ ૧૪ બાય ૧૭૦ ફૂટના ૧૦૮ ગાળાઓમાં શાકભાજીનો જથ્થો ઠાલવી શકશે. એટલું જ નહીં કોલ્ડ સ્ટોરેજમાં પોતાનો માલ પણ સાચવી શકશે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની તર્જ પર આ નવું યાર્ડ સુરત ડિસ્ટ્રીક્ટ બેંકની ગ્રીન બિલ્ડીંગ તૈયાર કરનાર સાગર દંડવતેનાં માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ રહ્યું છે. સુરત એપીએમસીનાં ચેરમેન સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે ૨૦૩૫ માં સુરતની એક કરોડથી વધુની વસ્તીને શાકભાજીની સપ્લાય સરળતાથી થઈ શકે એ માટે યાર્ડમાં શાકભાજીનો વેપાર એરિયા વધારવામાં આવી રહ્યોં છે. ૧૦૮ વેચાણ કેન્દ્રો વચ્ચે ૧૦૦ ફૂટ પહોળો રોડ બનશે. ગ્રાઉન્ડ ફ્લોરની જેમ રેમ્પ ચઢીને ટનબંધ વજન ધરાવતી ટ્રકો સીથી પહેલા માળે જશે. રેમ્પને લીધે હાલના યાર્ડથી માર્કેટની ઊંચાઈ એકથી બે માળ જેટલી ઊંચી દેખાશે. ૧૯૯૮ નાં વર્ષમાં હાલનું માર્કેટ યાર્ડ ૧.૫૦ લાખ ચો.મી જમીનમાં ઊભું થયું હતું.

# પાણીમાં ડૂબવાની ૩ ઘટનામાં ૪ લોકોનાં કરૂણ મોત નિપજ્યા

। અમદાવાદ, તા.૨ ।

આજે એક જ દિવસમાં પાણીમાં ડૂબવાની ૩ ઘટનામાં ૪ લોકોનાં કરૂણ મોત નિપજ્યા છે. જેમાં જૂનાગઢના ચોરવાડમાં ૨ યુવાનો ડૂબ્યા છે, તો રાજકોટના ઉપલેટામાં માછીમારી કરતાં એક યુવકનું મોત થયું છે. જ્યારે છેલ્લે મળી રહેવા અહેવાલ પ્રમાણે, ખેડામાં નદીમાં ત્રણ યુવકો ડૂબ્યા છે, જેમાંથી બેના મૃતદેહ મળ્યા છે.

ખેડાના ગળતેશ્વરની મહીસાગર નદીમાં ૩ લોકો ડૂબ્યા હોવાના સમાચાર મળ્યા છે. એક વ્યક્તિનો મૃતદેહ નદીમાં બહાર કાઢવામાં આવ્યો છે, જ્યારે અન્ય ૨ લોકોની હાલમાં શોધખોળ ચાલી રહી છે. નડિયાદથી ૭ લોકો નાહવા માટે ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયાની ટીમ દોડી આવી હતી. ગળતેશ્વર મહીસાગર નદીમાં ત્રણ લોકો ડૂબ્યા હોવાની ઘટનાથી ચારેબાજુ ખળભળાટ મચી જવા પામ્યો છે. નડિયાદના ત્રણ વ્યક્તિઓ મહીસાગર નદીમાં ડૂબ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર નડિયાદથી સાત વ્યક્તિઓ ગળતેશ્વર નાહવા માટે ગયા હતા. આજે રવિવારનો દિવસ હોવાથી નડિયાદથી ગળતેશ્વર નાહવા ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ગામના સરપંચ અને સ્થાનિક તરવૈયાની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટના જાણ થતા જ ખેડા જિલ્લા કલેકટર કે.એલ.બચાણી એ તાત્કાલિક નડિયાદથી ફાયર બ્રિગેડની ટીમ રવાના કરી હતી. હાલ સ્થાનિક તરવૈયાની ટીમ દ્વારા એક વ્યક્તિના મૃતદેહને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો છે. હજુ પણ બે વ્યક્તિઓની શોધખોળ કરવામાં આવી રહી છે. ઠાસરા તાલુકા અધિકારીઓ ઘટના સ્થળે જવા રવાના થયા છે. મનીષભાઈ ભીખાભાઈ સોલંકી, પ્રકાશ સોલંકી, જૈમિન સોલંકી નામના વ્યક્તિઓ મહીસાગર નદીમાં ડૂબ્યા છે. બીજી બાજુ જૂનાગઢના ચોરવાડમાં ૨ યુવાનોના ડૂબવાથી મોત થયા છે. તળાવમાં કમળના ફૂલ તોડવા જતાં સમયે આ દુર્ઘટના બની છે. યુવાનોના મોતથી પરિવાર શોકમગ્ન થયો છે. તળાવમાં કમળના ફૂલ તોડવા જતા આ ઘટના બનતા ગામમાં શોકની લાગણી ફરી વળી છે. તળાવની અંદર રહેલા કાદવમાં ફસાઈ જતા યુવાન ડૂબ્યા છે. બંને યુવકોને બહાર કાઢી ચોરવાડ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ચોરવાડ સરકારી હોસ્પિટલના ફરજ પરના ડોકટર દ્વારા બંને યુવાનને મૃત જાહેર કર્યા હતા. બંને યુવકના મૃત્યુને લઈને ચોરવાડ શહેરમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. રાજકોટમાં પણ એક મોટી દુર્ઘટના બની છે. ઉપલેટામાં નદીમાં ડૂબી જતા યુવકનું મોત થયું છે. ઉપલેટાના ગણોદ ગામે ભાદર નદીમાં ડૂબતાં યુવકનું મોત થયું છે. ૩૮ વર્ષીય યુવક ભાદર નદીમાં માછીમારી કરી રહ્યો હતો. માછીમારી કરતા અચાનક નદીમાં પડી જતાં યુવકનું મોત થયું છે. મૃતકનો મૃતદેહ ઉપલેટા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## સુખી સંપન્ન પાટીદારો હવે સમાજ સુધારણાના માર્ગે

। જામનગર, તા.૨ ।

સુખી સંપન્ન પાટીદાર સમાજ હવે સમાજના દૂષણો દૂર કરવાના રસ્તે આગળ વધી રહ્યો છે. સમાજના દૂષણનો દૂર કરવા અને સુધારણા લાવવા માટે જામનગરના સિદસરમાં ઉમિયા માતાના સાનિધ્યમાં યોજાયેલા સામાજિક સંમેલનમાં મહત્વના ઠરાવ કરવામાં આવ્યા છે. સિદસરમાં આયોજિત કડવા પાટીદારોના સામાજિક સંમેલનમાં ઠરાવ થયા છે. સામાજિક, કૌટુંબિક સમસ્યા પર ચાર ઠરાવ પસાર કરવામાં આવ્યા છે. પાટીદાર સમાજમાં વધતા છૂટાછેડાના કેસ વચ્ચે સમાજમાં છૂટાછેડા ન થાય તેવો પ્રયાસ કરવાનો નિર્ણય લેવાયો છે..સાથે જ  છૂટાછેડાના કિસ્સામાં મોટી રકમની માંગણી ન કરવા અપીલ કરાઈ છે..તો કૌટુંબિક ઝઘડાથી થતા મનદુઃખનો ઉકેલ સમાધાનથી લાવવાનો પ્રયાસ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

જુગાર સહિતની કુટેવોથી દૂર રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.તો દારૂ જેવા વ્યસનોથી દૂર રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. જામનગરના સિદસરમાં ત્રણ દિવસીય બિલ્વપત્ર મહોત્સવનું આયોજન કરાયું છે. ભવ્ય દિવ્ય સામાજિક સંમેલનમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું છે.

**વિશેષ લેખ** | ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે

# પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ લોકો જોવા આવે એવી સ્વચ્છ અને આદર્શ બનાવવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો અનુરોધ

રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, હવેથી ગુજરાત વિદ્યાપીઠમાં દર મહિને, છેલ્લા શનિવારે, એક કલાક સામૂહિક શ્રમદાનથી સ્વચ્છતા અભિયાન ચાલશે. પૂજ્ય ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ આદર્શ બને, લોકો જોવા આવે કે, સ્વચ્છતા હોય તો વિદ્યાપીઠ જેવી. આદર્શ હો તો વિદ્યાપીઠ જેવા... આ પ્રકારે શ્રમદાન કરવા તેમણે વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપકોને અનુરોધ કર્યો હતો.

'સ્વચ્છતા જ સેવા' અભિયાન અંતર્ગત 'એક તારીખ-એક કલાક-એક સાથ': રાષ્ટ્રવ્યાપી શ્રમદાન મહાઅભિયાન અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં ૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપકો સાથે એક કલાક સાફ-સફાઈ કરીને પૂજ્ય મહાત્મા ગાંધીજીને 'સ્વચ્છાંજલિ' અર્પણ કરી હતી. પૂર્વ મંત્રી અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગુજરાત વિદ્યાપીઠ મંડળના મહામંત્રી શ્રી ડૉ. હર્ષદ પટેલ પણ શ્રમદાન મહાઅભિયાનમાં જોડાયા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય બાપુનો સંદેશ હતો કે, "મારું જીવન જ મારો સંદેશ છે." મહાન વ્યક્તિ એ છે જે અંતરમાં હોય તે વાણીથી વ્યક્ત કરે, વાણીથી જે વદે તેને કર્મમાં પરિવર્તિત કરે. ભાષણ કરીએ પણ આચરણમાં ન મૂકીએ તો તે વ્યર્થ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત અભિયાન'થી દેશની યુવા









પેઢીને સ્વચ્છતા પ્રતિ જાગૃત અને પ્રતિબદ્ધ બનાવી છે. સામૂહિક સ્વચ્છતા અભિયાનથી 'સ્વચ્છતા' હવે આદત અને સ્વભાવ બની રહી છે.

આ અવસરે શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પૂજ્ય ગાંધીબાપુએ આપેલા 'સ્વાવલંબી ભારત'ના સૂત્રને આજે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'આત્મનિર્ભર ભારત' થકી પૂરું કરી રહ્યા છે. આજે ભારતની વિકસિત દેશોમાં ગણના થવા લાગી છે. અમૃતકાળનો લાભ આજના યુવાનોને ભવિષ્યમાં ચોક્કસથી મળવાનો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનું અર્થતંત્ર ૧૦માથી પાંચમાં ક્રમે આવી ગયું છે અને આવનારા સમયમાં ભારત વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બનશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કરોડો લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વચ્છતાથી પવિત્રતા આવે છે, ભીતર અને બહાર પવિત્રતા પ્રગટે છે. જેના મનમાં ગંદકી હશે તો તે બહાર પણ ગંદકી ફેલાવશે. સ્વચ્છતા આપણી સામૂહિક જવાબદારી છે, તેનું ચુસ્તપણે પાલન કરીએ.

ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં આજે વિદ્યાર્થી ભાઈ-બહેનો, અધ્યાપકો, ટ્રસ્ટી મંડળના સભ્યો, વિવિધ ફેકલ્ટીના વડાઓ 'એક તારીખ-એક કલાક-એક સાથ' : શ્રમદાન મહાઅભિયાનમાં જોડાયા હતા. ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા અને સાદરા પરિસરમાં પણ શ્રમદાન અભિયાન હાથ ધરાયું છે. ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં આજે અને આવતીકાલે; બે દિવસ સુધી સામૂહિક સ્વચ્છતા અભિયાન ચાલશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાપીઠના છાત્રો અને વ્યવસ્થાપકોને આહ્વાન કર્યું હતું કે, આપણે એવું પરિસર બનાવીએ કે, બહારના લોકો વિદ્યાપીઠની સ્વચ્છતા જોવા આવે. તેમણે વિદ્યાર્થી ભાઈ-બહેનોને પોતાના છાત્રાલયના રૂમો સુવ્યવસ્થિત અને હંમેશા સ્વચ્છ રાખવાની શિખામણ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવ્યો હતો કે, "ન તો હું ગંદકી કરીશ, ન હું ગંદકી ફેલાવવા દઈશ." વિદ્યાર્થીઓએ પણ હોશભેર સંકલ્પ લીધો હતો. તેમણે સૌને પ્રમાણિકતાપૂર્વક શ્રમદાન કરવાનો અનુરોધ કરતાં કહ્યું કે, પરિણામલક્ષી શ્રમદાનથી મન અને આત્મા પ્રસન્ન થશે અને તો વિચારો પણ પવિત્ર બનશે. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી અને ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, પૂજ્ય બાપુએ ૧૧ મહાવ્રત આપ્યા હતા. આઝાદી બાદ સરકારોએ બાપુના આ મહાવ્રતોને મહત્વ ન આપતાં ભારતની છબી બગડી હતી. જો એ વખતે બાપુના આદર્શોનું પાલન થયું હોત તો ભારત દેશ ક્યારનો 'વિશ્વ ગુરુ' બની ગયો હોત. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી પોતાના પ્રથમ ભાષણમાં જ 'સ્વચ્છ ભારત મિશન' ઉપાડ્યું હતું, આજે એ અભિયાન વિશ્વવ્યાપી બની ગયું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દુનિયા સમક્ષ સ્વછતાનો વિચાર રજુ કરીને પૂજ્ય બાપુને સાચી સ્વચ્છાંજલિ આપી છે.

### ભારતે બાંગ્લાદેશને પુરૂષ હોકીમાં ૧૨-૦થી કચડી નાખ્યું




। હાંગઝોઉ, તા.૨ ।

એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતીય હોકી ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન યથાવત છે. ભારતે ગ્રુપ સ્ટેજની પાંચમી મેચમાં બાંગ્લાદેશને ૧૨-૦થી કચડી નાખ્યું છે. આ સાથે જ ભારતીય હોકી ટીમ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. સેમિફાઈનલમાં ભારતનો મુકાબલો આવતીકાલે ચીન સાથે થઈ શકે છે. બાંગ્લાદેશ સામેની મેચમાં ભારત તરફથી હરમનપ્રીત સિંહે હેટ્રિક ગોલ કર્યા હતા. ભારતીય ટીમે ગ્રુપ સ્ટેજની ૫ મેચોમાં કુલ ૫૮ ગોલ કર્યા હતા. ખાસ વાત એ છે કે ભારતને આ તમામ મેચમાં જીત મળી હતી. ભારત-બાંગ્લાદેશ મેચની વાત કરીએ તો ભારતીય ખેલાડીઓનો વર્ચસ્વ મેચની શરૂઆતથી જ જોવા મળ્યો હતો. ભારત માટે પ્રથમ ગોલ કેપ્ટન હરમનપ્રીતે બીજી મિનિટે કર્યો હતો. ત્યાર બાદ ભારતીય ખેલાડીઓ સતત આક્રમણ કરતા રહ્યા અને ભારતને ૧૨-૦થી જીત મળી હતી.

### અફઘાનિસ્તાનની ટીમના મેન્ટર તરીકે અજય જાડેજાને નિયુક્ત કરાયો

। નવી દિલ્હી, તા.૨ ।

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. વાસ્તવમાં અફઘાનિસ્તાન ક્રિકેટે પૂર્વ ભારતીય દિગ્ગજ અજય જાડેજાને ભારતમાં રમાનાર વન-ડે વર્લ્ડ કપ માટે ટીમના મેન્ટર તરીકે નિયુક્ત કર્યા છે. ૨૦૧૫ અને ૨૦૧૯ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન તરફથી ખરાબ પ્રદર્શન જોવા મળ્યું હતું, જેના કારણે બોર્ડે આ વર્લ્ડ કપ માટે આ નિર્ણય લીધો હતો. અફઘાનિસ્તાન ૨૦૧૯ વન-ડે વર્લ્ડ કપમાં તમામ મેચ હારી ગયું હતું. ટીમે ૯ મેચ રમી, જેમાં ટીમ એક પણ જીતી શકી ન હતી. અગાઉ, ૨૦૧૫ વન-ડે વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન કુલ ૬ મેચ રમ્યું હતું, જેમાં ટીમ ૫ હારી હતી અને માત્ર ૧ જીતી હતી. આવી સ્થિતિમાં આ વખતે ટીમ ચોક્કસપણે આગામી વર્લ્ડ કપમાં સારું પ્રદર્શન કરવા માંગશે. ભારત દ્વારા આયોજિત થનારો વન-ડે વર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે. અફઘાનિસ્તાનની ટીમ ટૂર્નામેન્ટમાં પોતાની પ્રથમ મેચ ૭ ઓક્ટોબરે ધર્મશાલામાં બાંગ્લાદેશ સામે રમશે. ત્યારબાદ અફઘાન ટીમની બીજી મેચ ૧૧ ઓક્ટોબરથી દિલ્હીમાં ભારત સામે થશે. અજય જાડેજા ૧૯૯૬ના વર્લ્ડ કપમાં ભારત તરફથી રમ્યો હતો.

### મિચેલ સ્ટાર્કને વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર બનવાની તક

। નવી દિલ્હી, તા.૨ ।

ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક પાસે ૫ ઓક્ટોબરથી શરૂ થઈ રહેલા વન ડે વર્લ્ડ કપમાં ખાસ સ્થાન હાંસલ કરવાની તક છે. તે વર્લ્ડ કપ ઈતિહાસનો સૌથી સફળ બોલર બની શકે છે. મિચેલ સ્ટાર્ક હાલમાં વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં પાંચમા સ્થાને છે. તેના નામે ૪૯ વિકેટ છે. તે વિશ્વ કપ ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર ગ્લેન મેકગ્રા (૭૧ વિકેટ)થી માત્ર ૨૨ વિકેટ પાછળ છે. હવે આ વખતે દરેક ટીમ રાઉન્ડ રોબિન મેચો હેઠળ ઓછામાં ઓછી ૧૦-૧૦ મેચ રમશે, તેથી સ્ટાર્ક પાસે ૧૦ મેચોમાં ઓછામાં ઓછી ૨૩ વિકેટ લઈને વર્લ્ડ કપ ઈતિહાસનો સૌથી સફળ બોલર બનવાની સારી તક હશે. હાલમાં જે રીતે સ્ટાર્ક સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેના માટે મેચ દીઠ ૨-૩ વિકેટ લેવી એ મોટી વાત નથી. આવી સ્થિતિમાં સ્ટાર્ક ચોક્કસપણે ભૂતપૂર્વ ક્રિકેટર મેકગ્રાને પાછળ છોડી શકે છે. મિચેલ સ્ટાર્ક માટે બીજી સારી વાત એ છે કે આ રેસમાં તેનો કોઈ હરીફ નથી. આનું કારણ એ છે કે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ટોપ-૯ બોલરોમાં તે એકમાત્ર સક્રિય (હાલમાં ક્રિકેટ રમી રહેલા) બોલર છે. આ લિસ્ટમાં મિચેલ સ્ટાર્ક પછી એક્ટિવ ક્રિકેટર્સમાં ટ્રેન્ટ બોલ્ટનું નામ આવે છે.

**મોદીએ મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીને કર્યા યાદ, કહ્યુ- આપણે હંમેશા તેમના સપના પુરા કરવા કરવું પડશે કામ**

# મહાત્મા ગાંધી-લાલ બહાદુર શાસ્ત્રીજીની જયંતિ પર મોદી સહિત દિગ્ગજોએ પાઠવી શ્રદ્ધાંજલિ

। નવી દિલ્હી, તા.૨ ।

દેશભરમાં આજે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. મહાત્મા ગાંધીની જન્મજયંતિ દર વર્ષે ૨ ઓક્ટોબરે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજઘાટ પહોંચીને બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન તેમની સાથે કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી પણ હાજર હતા. આ પહેલા લોકસભા સ્પીકર ઓમ બિરલા પણ રાજઘાટ પહોંચ્યા અને બાપુને શ્રદ્ધાંજલિ આપી. આજે મહાત્મા ગાંધીની ૧૫૪મી જન્મજયંતિ છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રાજઘાટ પર શ્રદ્ધાંજલિ આપી હતી. ગાંધી જયંતિ અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ દેશમાં ઉજવવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દિવસે બંને નેતાઓને



યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે કેવી રીતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ પીએમ લાલ બહાદુર શાસ્ત્રીએ દેશના વિકાસ અને કલ્યાણ માટે કામ કર્યું. પીએમ મોદીએ ગાંધીજીના ઉપદેશોને પોતાના જીવનમાં અપનાવવા અને તેમનાથી પ્રેરિત થવાની વાત પણ કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. પીએમ મોદીએ કહ્યું કે ભારતની પ્રગતિ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને પડકારજનક સમયમાં તેમનું નેતૃત્વ અનુકરણીય છે. બાપુને શ્રદ્ધાંજલિ આપતા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે 'ગાંધી જયંતિના આ ખાસ અવસર પર હું મહાત્મા ગાંધી સમક્ષ મસ્તક નમાવું છું. તેમના ઉપદેશોએ હંમેશા આપણા માર્ગને પ્રકાશિત કર્યો છે. મહાત્મા ગાંધીનો પ્રભાવ વૈશ્વિક છે. જે સમગ્ર માનવ જાતિને એકતા અને કરુણાની ભાવનાને અનુસરવા માટે પ્રેરણા આપે છે.



જમ્મુના મુબારક માંડી ખાતે મહાત્મા ગાંધી જયંતી નિમિતે શાળાના બાળકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

**મહિલા અને પુરુષ ટીમે જીત્યા બ્રોન્ઝ**

## એશિયન ગેમ્સમાં સ્કેટિંગમાં દિવસે ભારતે જીત્યા બે મેડલ

। હાંગઝોઉ, તા.૨ ।

એશિયન ગેમ્સમાં નવમા દિવસે ભારતે બ્રોન્ઝ મેડલ સાથે શરૂઆત કરી હતી. મહિલા સ્પીડ સ્કેટિંગમાં ૩૦૦૦ મીટર રિલે રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ભારતે એશિયન ગેમ્સમાં નવમા દિવસે શાનદાર શરૂઆત કરી હતી. સ્કેટિંગમાં ભારતને પ્રથમ મેડલ મળ્યો હતો. સંજના ભટુલા, કાર્તિકા જગદીશ્વરન, હિરલ સાધુ અને આરતી કસ્તુરીએ મહિલાઓની સ્પીડ સ્કેટિંગ ૩૦૦૦ મીટરમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તેણે પોતાની રેસ ૪:૩૪:૮૬૧ મિનિટમાં પુરી કરી હતી. સ્પીડ સ્કેટિંગમાં ભારતને આજે બીજો મેડલ મળ્યો છે. ભારતના આર્યનપાલ ઘુમન, આનંદકુમાર વેલકુમાર, સિદ્ધાંત કાંબલે, વિક્રમ ઈંગલે ૪:૧૦.૧૨૮ના સમય સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. ચીની તાઈપેએ ગોલ્ડ મેડલ જીત્યો હતો તો દક્ષિણ કોરિયાએ સિલ્વર મેડલ જીત્યો હતો. નોંધનીય છે કે એશિયન ગેમ્સમાં આઠમા દિવસ સુધી મેડલ ટેલીમાં ચીન નંબર વન પર છે. તેણે ૮મા દિવસ સુધી કુલ ૨૪૪ મેડલ જીત્યા. તેની પાસે ૧૩૩ ગોલ્ડ, ૭૨ સિલ્વર અને ૩૯ બ્રોન્ઝ મેડલ છે. કોરિયા બીજા નંબર પર છે. કોરિયાએ ૧૨૫ મેડલ જીત્યા છે. જેમાં ૩૦ ગોલ્ડ, ૩૫ સિલ્વર અને ૬૦ બ્રોન્ઝ સામેલ છે.

**સચિન વનડેમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી છે, કોહલી ત્રણ સદી ફટકારી સચિનનો રેકોર્ડ તોડી શકે છે**

# વિશ્વકપમાં કોહલીની પાસે સચિન તેંડુલકરનો વિશ્વ રેકોર્ડ તોડવાની તક

। નવી દિલ્હી, તા.૨ ।

ટીમ ઈન્ડિયાનો પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી આગામી વિશ્વકપ બેટથી ધમાલ મચાવતો જોવા મળશે. વિશ્વના દિગ્ગજ બેટરોમાં સામેલ વિરાટ કોહલીની પાસે મહાન ક્રિકેટર સચિન તેંડુલકરનો એક વિશ્વ રેકોર્ડ તોડવાની શાનદાર તક છે, કોહલી વિશ્વકપમાં આ રેકોર્ડ તોડી શકે છે. ભારતની યજમાનીમાં ૫ ઓક્ટોબરથી વિશ્વકપનો પ્રારંભ થશે.



આ આઈસીસી ટૂર્નામેન્ટમાં ભારત સહિત ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. ટીમ ઈન્ડિયાની કમાન રોહિત શર્મા સંભાલશે. ભારતની પાસે ૧૨ વર્ષ બાદ વિશ્વકપ જીતવાની શાનદાર તક છે. ૨૦૧૧માં ટીમ ઈન્ડિયાએ મહેન્દ્ર સિંહ ધોનીની આગેવાનીમાં ચેમ્પિયન બનવાનું ગૌરવ હાસિલ કર્યું હતું. લક્ષ્યનો પીછો કરવાની વાત આવે તો આ મામલામાં ભારતીય ટીમ સર્વશ્રેષ્ઠ છે. ટીમ લક્ષ્યનો પીછો કરવા દરમિયાન વિરાટ કોહલી ખુબ મહત્વની ભૂમિકા ભજવે છે.

વનડે આંતરરાષ્ટ્રીયમાં તેના નામે ૪૭ સદી છે અને વિશ્વકપ દરમિયાન તે મહાન ક્રિકેટર સચિન તેંડુલકર (વનડેમાં ૪૯ સદી) ને પાછળ છોડવા ઈચ્છશે. સચિન વનડેમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી છે. તેવામાં વિરાટ કોહલી ત્રણ સદી ફટકારી સચિનનો રેકોર્ડ તોડી શકે છે. તે વાતમાં કોઈ શંકા નથી કે વિશ્વકપ આઈસીસી ટૂર્નામેન્ટ હોવા છતાં ટીમોને ઘરેલૂ પરિસ્થિતિઓનો લાભ મળે છે. વિશ્વકપ દરમિયાન પિચની જવાબદારી આઈસીસીના ક્યૂરેટરની હોય છે, પરંતુ સ્ટેડિયમમાં દર્શકોની હાજરી ટીમ માટે ૧૨માં ખેલાડીનું કામ કરે છે. આ પરિસ્થિતિમાં કેપ્ટન રોહિત શર્મા પાસે વિશ્વકપ જીતવાની સૂવર્ણ તક છે. રોહિત શર્મા ટૂર્નામેન્ટ જીતશે તો તેનું નામ પણ ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૂવર્ણ અક્ષરે લખાશે.

**૨૭ ક્યુબન નાગરિકોને લઈ જતી ટ્રકને નડ્યો અકસ્માત**

## દક્ષિણ મેક્સિકોમાં માલવાહક ટ્રક પલટતાં ૧૦ વ્યક્તિના મોત

**હાઇવે પર માલવાહક ટ્રક પલટી જતા લગભગ ૨૫ ઘાયલ**

। મેક્સિકો, તા.૨ ।

દક્ષિણ મેક્સિકોમાં એક હાઈવે પર માલવાહક ટ્રક પલટી જતાં ૧૦ વ્યક્તિના મોત થયા હતા અને લગભગ ૨૫ લોકો ઘાયલ થયા હતા. એક મીડિયા અહેવાલ મુજબ ગ્વાટેમાલાની સરહદ નજીક મેક્સીકન રાજ્ય ચિયાપાસમાં રવિવારે સવારે આ અકસ્માત થયો હતો. મેક્સિકોની નેશનલ માઈગ્રેશન ઈન્સ્ટિટ્યૂટના એક નિવેદનને ટાંકીને અહેવાલમાં જણાવ્યું હતું કે, ટ્રક મેક્સિકોના દક્ષિણી રાજ્ય ચિયાપાસમાં પિજિયાપન-ટોનાલા હાઈવે પર 'અનિયમિત રીતે' ૨૭ ક્યુબન નાગરિકોને



લઈ જઈ રહી હતી. ઘટનાના પ્રારંભિક અહેવાલોને ટાંકીને અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડ્રાઈવર ટ્રકને વધુ ઝડપે ચલાવી રહ્યો હતો અને તેણે ટ્રક પરનો કાબૂ ગુમાવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, અકસ્માત બાદ ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મૃતકોની સંખ્યા ૧૦ મહિલાઓ છે.

**હેમકુંડ સાહિબના કપાટ બંધ થવાની તારીખ સામે આવી**

## હેમકુંડ સાહિબ અને લોકપાલ લક્ષ્મણ મંદિરના કપાટ ૧૧ ઓક્ટોબરો બંધ થશે

**આગામી ૫ મહિના માટે બંધ રહેશે અને આ દરમિયાન દર્શન થઈ શકશે નહીં, દર્શન માટે શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થયો**

। ચમોલી, તા.૨ ।

શિખોના સોથી પવિત્ર સ્થળ હેમકુંડ સાહિબ અને લોકપાલ લક્ષ્મણ મંદિર જવાનો પ્લાન બનાવી રહ્યા હોય તો ઉતાવવળ કરજો કારણ કે તેમના કપાટ ૧૧ ઓક્ટોબરે બપોરે ૧ વાગ્યે શીતકાળ માટે બંધ કરી દેવામાં આવશે. ત્યારબાદ તે આગામી ૫ મહિના માટે બંધ રહેશે અને આ દરમિયાન દર્શન થઈ શકશે નહીં. હેમકુંડ સાહિબના કપાટ બંધ થવાની તારીખ સામે આવ્યા બાદ ત્યાં દર્શન



માટે શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થયો છે. અત્યાર સુધીમાં એક લાખ ૬૦ હજાર ૮૦૦ તીર્થયાત્રીઓ હેમકુંડ સાહિબના દર્શન કરી ચૂક્યા છે. સમુદ્રતળેથી ૧૫,૨૨૫ ફૂટની ઊંચાઈ પર સ્થિત ગુરુદ્વારા શ્રી હેમકુંડ સાહિબ અને લોકપાલ લક્ષમણ મંદિરના કપાટ આ વર્ષે ૨૦ મે ના રોજ શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા હતા. શરૂઆતમાં માર્ગ અને હવામાનને ધ્યાનમાં રાખી ૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો અને વૃદ્ધોને યાત્રા કરવા પર રોક લગાવી હતી. તેમ છતાં યાત્રા પર તેની કોઈ અસર ન પડી. પ્રતિબંધ હટાવ્યા બાદ યાત્રાએ વધુ ગતિ પકડી. જોકે, જુલાઈમાં વરસાદ શરૂ થયા બાદ યાત્રા થોડી ધીમી પડી હતી.

## ઉત્તર મેક્સિકોમાં ચર્ચની છત ધરાશાયી થતાં ૧૦નાં મોત

। મેક્સિકો સિટી, તા.૨ ।

ઉત્તર મેક્સિકોમાં એક ચર્ચની છત ધરાશાયી થતા ૧૦ લોકોના મોત થવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનામાં ૬૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. કાટમાળ હેઠળ લગભગ ૩૦ લોકો ફસાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. રવિવારે રાત્રે બનેલી આ ઘટનામાં પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, છત ધરાશાયી થઈ તે સમયે લગભગ ૧૦૦ લોકો ચર્ચામાં ઉપસ્થિત હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો છે તેમજ પુરજોશમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. પોલીસે જણાવ્યું કે, નેશનલ ગાર્ડ, પોલીસ અને રાજ્ય નાગરિક સુરક્ષા કાર્યાલય અને રેડ ક્રોસ યુનિટોએ પુરજોશમાં બચાવ અભિયાન ચલાવી રહ્યા છે. પોલીસ અને બચાવ ટુકડીએ કુલ ૪૯ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે.



નાગાઓન જિલ્લામાં દેશના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે મહિલાઓ દ્વારા મેરી માટી મેરા દેશ અભિયાન હેઠળ અમૃત કળશ યાત્રા કાઢવામાં આવી હતી.

**બિહાર સરકારે જાતીય આધારિત વસતી ગણતરી પૂર્ણ કરી**

## જાતીય વસતી ગણતરીથી બિહારમાં પક્ષોએ રણનીતિ બદલવી પડી શકે છે

। પટણા, તા.૨ ।

બિહારમાં નીતિશકુમારની સરકારે જાતીય આધારિત વસતી ગણતરીના આંકડા જાહેર કર્યા છે, નીતીશ સરકારના આ પગલાને કારણે ઘણા રાજકીય પક્ષોને તેમની રણનીતિ બદલવી પડી શકે છે. સરકારી અહેવાલ મુજબ, બિહારમાં વસ્તી ૩૬ ટકા અત્યંત પછાત, ૨૭ ટકા પછાત વર્ગ, ૧૯ ટકાથી થોડી વધુ અનુસૂચિત જાતિ અને ૧.૬૮ ટકા અનુસૂચિત જનજાતિના લોકો રહે છે. આજે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં કહેવામાં આવ્યું કે, બિહાર સરકારે જાતીય આધારિત વસતી ગણતરી પૂર્ણ કરી છે. મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓએ તેનો રિપોર્ટ જાહેર કર્યો. બિહાર સરકારે જણાવ્યું છે કે, રાજ્યમાં જાતી આધારિત વસ્તીગણતરીમાં ૧૩ કરોડથી વધુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જાતિ આધારિત ગણતરીમાં કુલ વસ્તી ૧૩ કરોડ ૭ લાખ ૨૫ હજાર ૩૧૦ જણાવવામાં આવી છે. આજે બિહાર સરકાર વતી વિકાસ કમિશનર વિવેક સિંહે પત્રકાર પરિષદ યોજી હતી. તેઓ રાજ્યમાં મુખ્ય સચિવનો હવાલો સંભાળે છે.

## તંત્રી લેખ...

# કેન્દ્ર સરકારના ઈરાદા સામે પ્રશ્નાર્થ?

ભારતનું ચૂંટણીપંચ એક બંધારણીય સંસ્થા છે જેનું બંધારણની કલમ ૩૨૪માં વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે. જેમાં કહેવાયું છે કે ચૂંટણી કરાવવાની જવાબદારી ચૂંટણીપંચની છે. બંધારણની કલમ ૩૨૪ (૨)માં રાષ્ટ્રપતિને મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી છે. જોકે, તેમાં સીઈસી અને ઈસીની નિમણૂક માટે કાયદો બનાવવાની વાત પણ કરાઈ છે. સીઈસી અથવા ઈસીની નિમણૂક માટે કોઈ કાયદો ન હોવાને કારણે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અત્યાર સુધી રાષ્ટ્રપતિ સીઈસી અને ઈસીની નિમણૂક કરે છે. વિપક્ષની સાથે ઘણા વિશ્લેષકો પણ આ બિલને લઈને કેન્દ્રની સરકારના ઈરાદા પર સવાલ ઉઠાવી રહ્યા છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. વર્ષ ૨૦૧૫માં ચૂંટણીપંચના કામકાજમાં પારદર્શિતા અંગેની અનેક જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી જેના પર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે આ બધી અરજીઓની એક સાથે સુનાવણી કરી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે ચૂંટણી કમિશનરોની નિમણૂક સરકારના નિયંત્રણની બહાર હોવી જોઈએ. જસ્ટિસ કે.એમ.જોસેફની બંધારણીય બેન્ચે ચુકાદામાં કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી અને અન્ય ચૂંટણી કમિશનર (ઈસી)ની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા એક સમિતિની સલાહ પર કરવામાં આવે, જેમાં વડા પ્રધાન, લોકસભામાં વિપક્ષના નેતા(અથવા સૌથી મોટા વિપક્ષી દળના નેતા) અને ભારતના મુખ્ય ન્યાયાધીશ સામેલ હોય. સુપ્રીમ કોર્ટે આ નિમણૂકો અંગે એક કાયદો બનાવવા પણ કહ્યું હતું. આ ચુકાદા પછી ચોમાસુ સત્રમાં ૧૦ ઑગસ્ટના રોજ સરકારે રાજ્યસભામાં 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને અવધિ) બિલ, ૨૦૨૩' નામનું બિલ પણ રજૂ કર્યું હતું. આ બિલ પર રાજ્યસભામાં જોરદાર હોબાળો થયો હતો. વિપક્ષે આરોપ લગાવ્યો કે સરકાર ચૂંટણીપંચને પોતાની કઠપૂતળી બનાવવા માંગે છે. તેમણે આ બિલને ગેરબંધારણીય, મનસ્વી અને અન્યાયી ગણાવી તેનો વિરોધ કર્યો હતો. હવે સંસદનું વિશેષ સત્ર તા. ૧૮ સપ્ટેમ્બરથી શરૃ થવા જઈ રહ્યું છે જે શુક્રવાર, ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. લોકસભા અને રાજ્યસભા દ્વારા જાહેર કરાયેલા બુલેટિનમાં માહિતી આપવામાં આવી છે કે આ વિશેષ સત્રમાં ચર્ચા માટે જે બિલ રજૂ કરાશે તેમાં ત્રણ બિલ પર ચર્ચા કરવામાં આવશે જ્યારે લોકસભામાં બે બિલ પર ચર્ચા થશે. રાજ્યસભામાં જે બિલ પર ચર્ચા થશે તેમાં ચૂંટણી કમિશનરની નિમણૂકને લગતું એક બિલ પણ છે, જેને રાજ્યસભામાં પહેલાં પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ અનુસાર મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની પસંદગી એક સિલેક્શન કમિટીની ભલામણ પર થશે અને રાષ્ટ્રપતિની અનુમતિ બાદ તેમની આ પદ પર નિમણૂક થશે. આ સિલેક્શન કમિટીની અધ્યક્ષતા વડા પ્રધાન કરશે.

## જનતાનો અસંતોષ

મુક્ત લોકતંત્રનો ડુંગર દૂરથી રળિયામણો છે, લોકશાહીનો આદર્શ હેતુ તો દૂર દૂર સુધી સર્યો નથી, પણ તે વ્યવસ્થા અપેક્ષિત પરિણામ પણ આપી શકી નથી. એક જ ધરતી ઉપર સરહદો આંકીને જુદા જુદા દેશ રચવાનો વિચાર જેને પણ સૌથી પહેલા આવ્યો હશે તે નક્કી કોઈ શાસનકર્તા પ રિવારનો ખુશામતિયો હશે. અલગ અલગ દેશની વિભાવનાએ તે દેશના આપખુદ શાસકને માણસોના અત્યંત મોટા સમુદાયના આક્રોશથી બચવાની વ્યવસ્થા કરી આપી છે. જે-તે દેશમાં તે દેશની જનતા શાસન પ્રત્યે નારાજ હોય તો પણ તેની નારાજગીનું પરિણામ જનતાના હિતમાં આવતું નથી. ઉદારમતવાદી સરકાર એ રાજ્યવ્યવસ્થાતંત્રના પાઠયપુસ્તકને શોભાવતો માત્ર નાનકડો શબ્દપ્રયોગ છે. વાસ્તવિકતા જુદી છે. ઈરાનના તહેરાન ઉપરાંતનાં શહેરો તથા ત્યાંનાં ઘણાં નાનાં ગામોની દરેક ગલીમાં ભડકો ચાલુ છે. ઈરાનની એક મહિલાનું બુરખો પહેરવાને કારણે ત્યાંની પોલીસે હત્યા કરી તેના પડઘા ઈજીપ્તથી શરૃ કરીને યુરોપ સુધી પહોંચ્યા છે. ઈરાનમાં શરૃ થયેલી ચળવળને થોડા સમયમાં એક મહિનો થશે, પણ તે શાંત પડવાનું નામ નથી લઈ રહી. ચાઈનામાં ઝી જિનપિંગ ચાઈનીઝ જનતા, ચાઈનાના મીડિયા અને દુનિયા સામે ચલકચલાણું રમે છે. અચાનક અજ્ઞાતવાસ લઈ લેવો, અપહરણની અફવાઓ ફેલાવી અને પ છી 'મે તો ઝિંદા હૂં' બોલીને ફરીથી જાહેરમાં દેખા દેવી - તે ચાઈનીઝ સરમુખત્યારોની જૂની વિકૃત ટેવ છે. હકીકતમાં માઓના વિચારોનું વિકૃતીકરણ કરી નાખવામાં આવ્યું છે અને ચાઈનીઝ પ્રજાને સતત દાબમાં રાખવામાં આવે છે. ચાઈનીઝ નાગરિકો મીડિયા સમક્ષ સ્મિત આપી રહ્યા છે તે વાસ્તવમાં જિનપિંગ અને તેની પાર્ટીએ જનમાનસમાં ફેલાયેલો ભય છે. અમેરિકાની સ્થિતિ ધોબીના પેલા શ્વાન જેવી થઈ છે. ટ્રમ્પ થી છૂટકારો મેળવવા માટે અમેરિકાના તમામ કલાકારો એક થઈને અમેરિકન જનતાનું બ્રેઈનવોશ કરવાના ચાર વર્ષ સુધી અથાગ પ્રયત્નો કરતા રહ્યા. છેવટે સફળ પણ થયા. ચોરને બદલે ઘંટીચોરને સત્તા આપી દીધી. અમેરિકા હવે માત્ર નિવેદનો કરતું થઈ ગયું છે. પુતિન હોય કે બ્રિટનનું રોયલ ફેમિલી, અમેરિકાની ઘોર અવગણના કરે છે. અમેરિકા સતત એ હતાશા સામે ઝઝુમી રહ્યું છે કે વયોવૃધ્ધ અને ભૂલકણા બાઈડેનના ચાર વર્ષના સત્તાકાળમાં દુનિયા અમેરિકા નામના દેશને ક્યાંક ભૂલી જ ન જાય. દક્ષિણ આફ્રિકાના પ્રેસિડેન્ટ રેમ્ફોસા સામે જનતા અને તેના વિરોધીઓનો ઉકળાટ વધી રહ્યો છે. કરોડો ડોલરોના કૌભાંડનો આક્ષેપ આફ્રિકન નેશનલ કોંગ્રેસના મુખ્ય વ્યક્તિ સામે લાગ્યા છે. બાઈડેન સરકારે આફ્રિકન સરકાર સાથે પણ સંબંધો મજબૂત કરવા હાથ મિલાવ્યા છે. બંને દેશની જનતાને પોતાના દેશના વડાનાં કામો કે કૃત્યો પસંદ નથી. પેન્ડેમિકે વિશ્વનું હેલ્થ સેક્ટરમાં જેટલાં પરિવર્તન આણ્યાં તેનાથી વધુ બદલાવ રાજકીય એવમ સામાજિક જાગૃતિમાં આવ્યો છે. પેન્ડેમિકની અસર ઓસરતાં દુનિયાના ખૂણેખાંચરેથી ચળવળો શરૃ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડ જેવા શાંત - સમૃદ્ધ ગણાતા દેશમાં પણ જનતા રસ્તા ઉપર ઉતરી. ઓસ્ટ્રેલિયામાં દાવાનળ મુદ્દે ચળવળ ચાલુ છે. બ્રાઝિલના વડા ખૂબ ભ્રષ્ટ છે અને એમેઝોનના જંગલોનું નિકંદન કાઢી રહ્યા છે. રશિયામાંથી હજારો રશિયનો હિજરત કરી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનોની સામે એક જૂથ ઉભું થયું છે. ફ્રાન્સમાં પેન્શન રિફોર્મના નવા કાયદાનો અને રેલવે યુનિયનનો વિરોધ ચાલુ રહ્યો છે. તાઈવાન અને હોંગકોંગ ઉપર ચાઈનાનો ડોળો છે. માટે ત્યાં જનતા સ્થાનિક સરકારની વિરોધમાં રસ્તા પર ઉતરી છે. જાપાનથી મેક્સિકો સુધી દરેક દેશના કોઈને કોઈ પ્રાંતમાં શાસકો સામે નારાજગી ઉડીને આંખે વળગે છે. વિશ્વ આજે રાજકીય-સામાજિક અસ્થિરતાના વાવાઝોડામાંથી પસાર થઈ રહ્યું છે.


# સંસાર અને સંન્યાસ એ બંને માર્ગ જુદા છે છતાં સંસારીઓ સમ્યક ભોગ ભોગવીને સંસારમાં રહીને પણ સંન્યાસી જીવન જીવી શકે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)





હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે ગાંધી જયંતી હતી અને બધાએ ગાંધીજી વિશે પોતાના સુંદર સુંદર અભિપ્રાયો રજૂ કર્યા. ઘણીવાર એવું લાગે કે લોકો પોતાના બાહ્ય દેખાવને સુંદર કરવા ખૂબ જ પ્રયત્ન કરે છે, તો વ્યવહારને સુંદર દર્શાવવા માટે પણ સુંદર વાણીનો ઉપયોગ કરે છે, પણ હકીકતમાં સમાજ દર્શનમાં જુદું દેખાય છે, કારણકે વિચારો એટલા બદલાયા નથી, એટલે મન બદલાતું નથી! માત્ર જે તે સમયે કોને મહત્વ આપવું એટલું અવશ્ય જાણે છે. જોકે આજે મન બદલાયું એનાં ઘણાં કારણો છે, પણ મુખ્ય કારણ આપણો ખોરાક બદલાયો એટલે મન બદલાયું છે. તો આજે આપણે પણ ચિંતનમાં માતા એ આપેલ આપણા ભારતીય દર્શનના સંસ્કાર મુજબ આહારથી આર્યુવેદ અને આર્યુવેદથી આધ્યાત્મ એમ કંઈ રીતે જઈ શકાય એ વિશે વાત કરીશું.

સંસાર અને સંન્યાસ એ બંને માર્ગ જુદા હોવા છતાં સંસારીઓ માટે ભગવાન યોગેશ્વર એ સમ્યક ભોગ ભોગવી અને સંસારમાં રહીને પણ સંન્યાસી જીવન જીવી શકાય છે, એવું સ્પષ્ટપણે કહ્યું છે, આ ઉપરાંત આ વાતને ભગવાન આદિદેવ શંકરાચાર્યએ પણ અનુમોદન આપ્યું છે, તેમણે ભગવાન શંકરની માનસિક પૂજા માટેની જે સ્તુતિ લખી છે, રત્ને કલ્પિત માસન હિમજલે, એમાં અંતમાં લખ્યું છે કે અમારી દિનચર્યા જ અમારા પૂજા પાઠ છે. બુદ્ધ તો એને કહેવાય જે શુદ્ધ હોય અને સમાજ માટે પણ નિર્વિકાર શુદ્ધ ભાવના ધરાવતો હોય. પરંતુ આજનો સમાજ માત્ર બુદ્ધિની રીતે બૌદ્ધિક થતો જાય છે, બાકી માનવી સ્વ કેન્દ્રિત થતો જાય છે, અને પોતાના ભોગવિલાસ માટે તે વધુને વધુ અર્થોપાર્જન કરતો જાય છે, અન્ન તેવો ઓડકાર! એવી આપણે ત્યાં એક કહેવત છે, એટલે કે આપણા ખોરાકથી જ આપણું શારીરિક અને માનસિક સ્વાસ્થય બગડતું હોય છે, કે સુધરતું હોય છે. એટલે આપણાં શારિરીક અને માનસિક તંદુરસ્તીનો ખ્યાલ રાખીને આપણાં ઋષિમુનિઓએ કે સમાજ ચિંતકોએ આહારના કોમ્બિનેશન બનાવ્યા છે, અને આજે પણ જો એને પૂર્ણપણે અનુસરવામાં આવે તો માનવી શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત રહે, એ વાતમાં કોઈ બે મત નથી. પરંતુ કાળ પરિવર્તનને નામે જેમ દરેક ક્ષેત્રમાં ક્રાંતિ થઈ, તેમ આહારમાં પણ વગર કારણે ક્રાંતિ થઈ, અને દરેક વાનગીને વેસ્ટન ટચ આપવા માટે, અથવા તો જે આપણો આહાર નથી, એ ફેશનને નામે કે સ્વાદને નામે આપણે અપનાવતા ગયાં, ટૂંકમાં કહીએ તો આ ફ્યુઝન તડકો લગાવવાની સ્પર્ધા દિવસે ને દિવસે વધતી જાય છે, એને કારણે રોગ પણ વધતાં જાય છે. ઉપરથી ટીવી વાળા પણ રસોઈ શો ને નામે આવું બધું જ બતાવે છે, અને ગૃહિણીઓ પરિવાર પર અખતરા કરે છે,અને ઓહ યમ્મી ટેસ્ટ એમ કરી ભાવી જાય, એટલે પુરું! અને એને કારણે આપણું શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય બગડ્યું, એ વાત પણ સ્વીકારવી પડે. દાખલા તરીકે અત્યારે ભાદરવો મહિનો ચાલે છે ચોમાસા અને શિયાળાને જોડતો સંધિ કાળ ચાલે છે, એમ પણ કહી શકાય. શરદના આગમન વખતે એટલે કે તડકા તોભાદરવા ના!! એવી પણ આપણે ત્યાં કહેવત છે. એટલે આવાં તપ્ત વાતાવરણ ના પ્રભાવને કારણે પિત્તજન્ય રોગનો પ્રકોપ વધવાની શક્યતા વધુ છે,અને એટલે આ ઋતુમાં સાકર વાળી ખીર, દૂધપાક જેવી વાનગીઓ જમવી જોઈએ, એટલે આપણે શ્રાદ્ધમાં ખીર અને દૂધપાક જ બનાવવામાં આવે છે. આ ઉપરાંત ખેડૂત પાક કે અન્ય દૂધના નિષ્ઠાન સાથે દહીં છાશ એ વિરુદ્ધ આહાર થાય એટલે પીરસવામાં આવતું નથી પરંતુ ખીર અને દૂધ પાક ને ઉકાળીને ગટ બનવા બનાવવામાં આવે છે એટલે પાચનનો પ્રશ્ન ન રહે તેથી તેની સાથે કોમ્બિનેશનમાં કઢી મૂકવામાં આવે છે કારણ કે કઢી એ દહીં છાશ માંથી બને છે, પરંતુ તેનું સ્વરૂપ બદલાઈ જતું હોવાથી તે વિરુદ્ધ આહાર નથી.

આ ઉપરાંત આ કોમ્બિનેશન માં દાળ ન મૂકવાનું એક કારણ બીજું એ છે કે દૂધને આપણે ત્યાં સંપૂર્ણ આહાર કહેવામાં આવે છે, અને પૂર્ણ પણે જોઈતું પ્રોટીન મળે છે. દાળ એ કઠોળમાંથી બનતી હોવાથી, કઠોળ એ પૂર્ણ પ્રોટીન છે. આમ ડબલ પ્રોટીન ની માત્રા ન થઈ જાય, એ માટે પણ દૂધપાક, ખીર, શ્રીખંડ, બાસુંદી વગેરે સાથે દાળ કરવામાં આવતી નથી. આવું તો કેટલું એ ઝીણું ઝીણું આ રસોઈ શાસ્ત્ર સાથે આયુર્વેદ વણાયેલું છે, અને જેને કારણે આપણી શારીરિક તથા માનસિક તંદુરસ્તી વધે છે. ગુરુવાર સોમવાર કે અન્ય કોઈ એક વાર આપણા ઈષ્ટ દેવની ઉપાસના તરીકેનું એકટાણું કે ઉપવાસ પણ આર્યુવેદ મુજબ છે! અઠવાડિયામાં એકવાર અન્ન ન લેવાથી પણ રોગથી દૂર રહેવાય છે, અને રાજગરો એ પ્રોટીન નો સ્ત્રોત છે, એનાથી કોલેસ્ટ્રોલ પણ કંટ્રોલ રહે છે, અને દૂધી તુરીયા વેઈન બ્લોક થવા દેતી નથી. આ ઉપરાંત કોઈમાં ખાંડ ગોળ કે સાકર નું કોમ્બિનેશન હોય તો કોઈમાં નમકીન અને કોઈ માં ખટાશ! આને એટલે મેથી, કારેલા, જેવા કડવા પદાર્થ પણ આપણે આહારમાં સામેલ કર્યા છે કે, બ્લડ સુગરનું પ્રમાણ નિયંત્રિત રહે! બ્લડ પ્રેસર હાઈ રહેતુ હોય તેણે મીઠાની માત્રા ઓછી લેવાની હોય તેથી આપણે ત્યાં ભાત અને રોટલીમાં મીઠું નખાતું નથી!; અને તાજુબ ની વાત તો ત્યાં છે કે આ રસોઈ શાસ્ત્રનું જ્ઞાન ગામડાની અભણ સ્ત્રીઓ પણ જાણતી હોય છે. કારણ કે એક હાથમાંથી અથરોટી રૂપે બીજા હાથમાં, એમ માનો વારસો દીકરી લેતી હોય છે, અને આ બધું જ વર્ષોથી ચાલ્યું આવ્યું છે! પહેલા ક્યાં યુટ્યુબ હતી કે અન્ય કોઈ રસોઇ શો હતો! આજે હવે રસોઈ શાસ્ત્ર શોધાયાં, ક્યાં પદાર્થમાં કેટલું પ્રોટીન છે! કેટલો સ્ટાર્ચ છે! વિટામિન સી છે કે નહીં! કેટલું કાર્બોહાઈડ્રેટ છે! કેટલાં અને ક્યાં વિટામિન છે!


આ ખાવાથી યુરિક એસિડ વધે છે,કે ઘટે છે! કેટલી કેલેરી છે! કેટલું આર્યન છે! આ બધું વિશ્લેષણ તો વિજ્ઞાનના વિકાસ સાથે શોધાયું! પહેલા ક્યાં આવું કંઈ હતું? અને આપણે સૌ જાણીએ છીએ કે મા ના હાથની સીધી સાદી અને સમ્યક મસાલા વાળી સ્વાદિષ્ટ રસોઈથી બીમારી પણ આપણાથી કોષો દૂર રહેતી હતી, અને સમાજ પણ પ્રમાણમાં ઘણો સ્વસ્થ હતો. આજની જેમ ડાયેટિશયન ને રૂપિયા દેવા પડતા નહોતાં!: ડાયેટિશયન પાછાં, આપણે જે મૂળ ખોરાક ખાતા હતાં, એ તરફ જ આપણને જવાનું સૂચવે છે, અને આપણે સારા એવા રુપિયા ચૂકવીને હોંશે હોંશે તે બધું કરતાં પણ હોઈએ છીએ! ટૂંકમાં તન અને મન તંદુરસ્ત હોય તો જ આપણો સર્વાંગી વિકાસ છે અને જીવનમાં રસની સાથે શાંતિ પણ છે. આમ આહારમાં આર્યુવેદના નિયમ ને ધ્યાનમાં રાખીને લેવામાં આવે તો અધ્યાત્મ એ બિલકુલ અઘરી વાત નથી. તત્વતઃ આહારને ઔષધ જેમ લેવામાં આવે તો, એ જ ઈશ્વરની પૂજા પાઠ છે, કે જીવન યજ્ઞ માં દેવાતી આહુતિ છે, એવું પણ આપણા ઋષિમુનિઓએ કહ્યું છે. આઘરી અઘરી સાધના પદ્ધતિમાં ગયા વગર, કે પછી મહિનો માસ આકરા વ્રત કે તપ કરવાનું પણ આપણું કામ નથી. માટે આ આહારમાં આયુર્વેદ અને આયુર્વેદ થી અધ્યાત્મક એ સૂત્ર મુજબ ગતિ કરી, અને આપણે સૌ આપ ણા તન મનને તંદુરસ્ત રાખી શકીએ, જન્મ દાત્રી મા,કે જેણે આપણને સંસ્કૃતિથી માહિતગાર કર્યા છે, તેનું સ્મરણ સતત ચિત્તમાં રાખી શકીએ, અને એના આપેલા સંસ્કારો નિભાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે, સત્ત્વગુણ વધારો પાપમાંથી બચવાનોએ રસ્તો છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા





ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. તો આ કળાને સમજ્યા જાણ્યા વગર જ ધર્મના નામે જીંદગી જીવવા પ્રયત્ન કરો તો તે તમને આનંદ ક્યાંથી આપે તમે જ ક્ષણભર વિચારો તો ખબર પડશે. આપણે બસ આ રીતે ભગવદ્ ભક્તિ કરીને શ્રેષ્ઠ જીવન જીવવા પ્રયત્ન કરવો છે. આજની આપણા લેખની હેડ લાઈન વાંચીને તમે સમજી ગયા હશો જ કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે.તે માણસને પાપ માં ઘસડી જાય છે. એટલા માટે રજોગુણ ઓછો કરો,સત્ત્વગુણ વધારો પાપમાંથી બચવાનોએ રસ્તો છે. કોઈપણ ક્રિયા શબ્દોચ્ચાર વગર થતી નથી. કદાચિત જીભથી નહીં તો મનથી તો ઉચ્ચાર થાય જ છે. પાપ કરવાની ક્ષણ પહેલાં તો પાપનો જીભથી અથવા મનથી ઉચ્ચાર થાય છે, તે જ ક્ષણે તેને કાપી નાખો. પહેલાં વિચાર બગડે છે, પછી વાણી બગડે છે અને પછી વર્તનમાં આવે છે. પાપ મન માં આવે ત્યારે મનને ધિક્કારો, ઠંડા જળથી સ્નાન કરો અને પછી પરમાત્માનું કીર્તન કરો, પ્રાર્થના કરો કે, નાથ, આ કામ મને પજવે છે ક્રોધ મને છોડતો નથી,આલોભ મને વશ કરે છે. નાથ કૃપાકરો સાચા હૃદયથી પ્રાર્થના કરશો તો પ્રભુ રક્ષણ કરશે. સંતો સતત પ્રભુના નામનો ઉચ્ચાર કરે છે, તેથી તેનાથી પાપ થતું નથી પાપના બળ આગળ માણસની કેવી લાચારી છે. તે એને આશ્રયની ગુફા સમજે છે અને તેમાં ઘૂસે છે. અઘાસુરના પેટમાં જવાની ઈચ્છા હોયતો ભલેજાઓ પણ તાળી પાડતાં જાઓ નામ- સ્મરણ કરતાં જાઓ બધા સમજે છે કે, અસત્ય બોલવું પાપ છે, કોઈને દુભાવવું એ પાપ છે, પણ પાપ થઈ જાય છે. પહેલો સિદ્ધાંત મુખ્ય છે કે,પાપને કાપી જ નાખો. મનથી, શરીરથી પાપ થવાનું છે એમ લાગે ત્યારે ભગવાનના નામનું કીર્તન કરો.

પરમાત્માને સાથે રાખી પાપ કરે તેની પાપની વાસના છૂટે છે. પાપની આદત છોડવાનો આ જ એક ઉપાય છે,ભગવાનની પ્રાર્થના કરવાનો. બાળકો તાળી પાડતાં એટલે કીર્તન કરતાં અઘાસુરના પેટમાં ગયાં છે. એવા લાચાર બનીને કે ભોળવાઈને પાપ કરો ત્યારે પરમાત્માને સાથે રાખો. પ્રભુને કહો કે, મેં પાપ કર્યું પણ આપ સાથે હતા. એટલે મને સજા કરો અને ક્ષમા પણ કરો. પાપ કર્યા વગર ન રહેવાય તો શ્રીકૃષ્ણને- પરમાત્માને સાથે રાખીને પાપ કરજો તો ભગવાન તમને બચાવશે. આ બીજો સિદ્ધાંત કનિષ્ટ છે. ઉત્તમ સિદ્ધાંત તો એ જ છે કે, કદાપિ પાપ ન કરવું અને પાપનો વિચાર પણ ન કરવો. ભોગવ્યા વિના જેનો નાશ થતો નથી એ પાપ પુણ્યનો ભોગવ્યા વગર નાશ થઈ શકે છે. પુણ્ય ભોગવવા પણ જન્મ લેવો પડે છે,તેથી તો ઋષિ ઓને છેવટે પુણ્યને પણ શ્રીકૃષ્ણા ર્પણ કરવું પડે છે.પુણ્ય શ્રીકૃષ્ણાર્પ ણ થઈ શકે છે,પણ પાપ તો ભોગવ્યે જ છુટકો.ભોગવ્યા વગર પ્રારબ્ધ કર્મનો કદી નાશ થતો નથી કોઈ મહાપુરુષ, સંતપુરુષ કૃપા કરે, તો જ પાપની વાસના છૂટે છે. સંત પુરુષની ઢાલ લો તો બચી શકાય.એ તોજાણીતી વાત છે કે, અંતરાત્માની પાપ કરવાની ઈચ્છા ન જ હોય તેમ છતાં પાપ થઈ જાય છે.ગીતામાં પણ અર્જુનનો આ પ્રશ્ન છે.

આ સનાતન પ્રશ્ન છે. ભગવાનને તે પુછે છે કે, મનુષ્યની ઈચ્છા ન હોય તેમ છતાં શાથી પાપમાં પ્રેરાય છે અને પાપ કરે છે? પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં તેને પાપ કેમ કરવું પડે છે? ત્યારે ભગવાન એ સમજાવે છે કે,કામ અને ક્રોધ રજોગુણમાંથી પેદા થયેલા છે અને તે માણસના મોટા શત્રુઓ છે. તે માણસને પાપમાં ઘસડી જાય છે. એટલા માટે રજોગુણ ઓછો કરો,સત્ત્વગુણ વધારો પાપમાંથી બચવાનો એ રસ્તો છે. બાળકો અઘાસુરના મોંમાં તાળી પાડતાં પ્રવેશે છે. તાળી પાડવાથી એમનો નાદ બ્રહ્મમાં લય થાય છે અને પછી પરબ્રહ્મમાં મનનો લય થાય છે. અઘાસુરનો વધ ભગવાને પાંચ વર્ષની ઉંમરે કરેલો. તેમ છતાં આ અઘાસુર વધની કથા ગોપ બાળકો એ પોતાની માતાઓને ભગવાનના છઠ્ઠુ વર્ષે કહી, એટલે કે એક વર્ષ પછી કહી છે.એનું કારણ પણ સમજવા જેવું છે. ભાગવતની સમાધિ ભાષાનો આ ચમત્કાર છે. શુકદેવજીને સમાધિમાં એ કારણ દેખાય છે. તેઓ કહે છે કે, બ્રહ્મા આ ગોપ બાળકોનું અપહરણ કરી ગયેલા અને એક વર્ષ પછી ગોપ બાળકો બ્રહ્મલોકમાંથી પાછાં આવ્યાં. તેથી તેઓએ આ કથા પોતાની માતાઓને એક વર્ષ પછી કહી.પરમાત્મા દિવ્ય રસ સ્વરૂપ છે. તેથી 'રસો વૈ સઃ અર્થાત્ રસ એ જ એ' એમ કહે છે. તેની સાથે મિલન એ રાસ.રાસ એટલે બ્રહ્મ મિલન,બ્રહ્મસંબંધ. રાસ એટલે શ્રીકૃષ્ણસંબંધ. ગાયોની ઈચ્છા હતી, અમારે પ્રભુ સાથે એક થવું છે. જેથી શ્રીકૃષ્ણ વાછરડા બની અમને ધાવે અને અમે કૃતાર્થ થઈએ અને અમારો બ્રહ્મસંબંધ થાય. ગાયને વાછરડો ધાવે છે.આ અદ્વૈત કેવું છે તે બીજો કોઈ જાણી શકે નહીં. એ ગાય જાણે અને વાછરડો જાણે.ગોકુળમાં વૃદ્ધા ગોપીઓ હતી. તેની ઈચ્છા હતી કે અમે કનૈયાને રમાડીએ. આ ગોપીઓ મનથી શ્રીકૃષ્ણને મળતી. માનસિક મિલન માં આનંદ છે, પણ પ્રત્યક્ષ મિલન ની ઉત્કંઠા આ ગોપીઓને થાય છે. આધાસુરના પેટમાંથી વાછરડાં ઓ અને બાળકો બહાર આવ્યાં. બાળકો કનૈયાને કહે છે કે, કનૈયા, અમને ભૂખ લાગી છે,અમારે જમવું છે.શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે,ચાલો,આપણે યમુનાકિનારે ભોજન કરીએ.વાછરડાં ભલે નિરાંતે ચરે.સાથે ભોજન કરવા બેઠાં છે. પદ્મવ્યૂહ એટલે કમળની જેમ. પ્રત્યેક બાળકની ઈચ્છા છે કે, હું ભગવાન શ્રીકૃષ્ણની ચારે બાજુએ બાળકો એકબીજાને અડીને બેઠાં છે. પદ્મપૂર્ણ શ્રીકૃષ્ણ ને સ્પર્શ કરી બેસ.કનૈયાને મારા ઘરની સામગ્રી આરોગાવું. દર બેસે તો તે કેમ થઈ શકે. એટલે કમળના ગર્ભની જેમ મધ્યમાં શ્રીકૃષ્ણ છે. આમ પરમાત્માએ દરેક બાળકને એવો અનુભવ કરી બાળકોઆપ્યો કે, હું તારી પાસે જ છું.શ્રીકૃષ્ણે રાસ લીલામાં પ્રત્યેક ગોપીને અનુભવ કરાવ્યો કે, હું તારી પાસે જ છે.

તે જ પ્રમાણે ગોપબાળકોને પદ્મવ્યૂહ ની રચના કરી અનુભવ આપ્યો કે, હું તારી પાસે જ બેઠેલો છે. જાય તો આનંદ મળતો નથી. પ્રત્યેક ગોપ બાળકને સ્પર્શનો આનંદ આપ્યો છે. બ્રહ્મસ્પર્શ વગર આનંદ નથી. ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે. મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે છે, પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે. ઈશ્વર જીવને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે, જીવ નો મોહ છૂટે છે.અરે! ઈશ્વર આપવા બેસે છે ત્યારે બે હાથ વાળો લેતાં થાકી જાય છે.ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે.યજ્ઞમાં આવાહન કરવા છતાં પણ ઘણી વાર પરમેશ્વર ભોજન કરતા નથી, ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પરમાત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે.ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવી એ જ ભક્તિ છે, એ જ શુદ્ધ ભાવ છે. ગોપબાળક કનૈયાને કહે છે કે, લાલા, આ જલેબી હું તારા માટે લાવ્યો છું. કનૈયો જવાબ આપે છે કે, હું એકલો નહીં ખાઉં. થોડું તું સર્વને આપ.આમ કનૈયો થોડામાં થી પણ બધાને થોડું અપાવે છે. આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે.

# ચિત્તની અશાંતિ જ જીવનની અશાંતિનું કારણ છે



અનાસક્તિયોગના માધ્યમથી આપણે શ્રીમદ ભાગવદ ગીતાને આજના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એનો હવે આ છેલ્લો લેખ. આ લેખ અત્યાર સુધીના તમામ લેખોના અર્ક સમાન છે. કારણ કે આજે આપણે ચિત્તની શાંતિની વાત કરવાના છીએ. ગીતામાં એક જગ્યાએ ધ્યાન વિશે રસપ્રદ વાત થઈ છે. જોકે આપણે આજે ધ્યાન વિશે કશું નથી જાણવું. પરંતુ જ્યાં ધ્યાન વિશેની વાત થઈ ત્યાં એક વાત બહુ સરસ કહેવાઈ છે કે ધ્યાન કરવાની સૌથી પહેલી શરત ચિત્તની શાંતિ છે. એટલે જો ચિત્ત અશાંત હોય તો કોઈ પણ સંજોગમાં ધ્યાન શક્ય બનતું નથી. આ બાબત માત્ર ધ્યાન માટે જ નહીં, પરંતુ જીવનમાં દરેક તબક્કે અત્યંત ખપમાં આવતી હોય છે. આખરે ચિત્તનું શાંત હોવું એ અત્યંત એક્સપેન્સિવ અને એક્સક્લુઝિવ બાબત છે. ચિત્તની શાંતિ કંઈ આઈવિનસમાંથી કે રિબોકના શોરૂમમાં નથી વેચાતી. કે ઈવન ગમે એટલા પૈસા ફેંકો તો પણ ચિત્તની શાંતિ મેળવી નથી શકાતી. આખરે મનની શાંતિને સીધો સંબંધ છે અધ્યાત્મ સાથે અને આપણે છીએ કે ભૌતિકતામાં જ રમમાણ રહીએ છીએ. તો એનો અર્થ એ થયો કે આપણે માટે ચિત્તની શાંતિ મેળવવી અત્યંત મહત્ત્વની બાબત છે. પણ ચિત્તની શાંતિ મળે ક્યાંથી? તો કે અહીં ગાંધીજી એક સરસ મજાની રિમાર્ક્સ આપે છે કે ચિત્તનું જરા સરખું અશાંત હોવું એટલે આપણી અંદરના અહમનું અથવા કોઈ પણ પ્રકારની વાસનાનું જાગ્રત હોવું! આપણી અંદર કશીક એવી તરસ છે અથવા તો આપણે હજુ એવો નબળો એટિટ્યુડ છે, જે આપણને હજુ થોડા દોડતા રાખે છે. હજુ થોડા અશાંત રાખે છે. એ માટે ગાંધીજી અગેઈન ફળત્યાગની વાત કરે છે. જોકે આ કિસ્સામાં તો તેઓ ફળ ત્યાગથી પણ આગળ વધે છે અને કહે છે આપણી અંદર ફળ કે પરિણામો બાબતે વૈરાગ્ય જ એવું જોઈએ કે એ વૈરાગ્ય આપણી ઈચ્છાઓનું શમન કરશે. પણ આપણે છીએ કે જીવનને, આપણાં કર્મોને, આપણાં પરિણામોને કે આપણા ઈન્ટરેક્શન્સને વૈરાગ્યભાવે નિહાળી શકતા નથી.

# પગના તળિયા સતત ગરમ રહેતા હોય તો સમજી લો ઠપ્પ થઇ ગયું છે લિવર

વ્યક્તિ સ્કિન, વાળ, આંખ અને નાકનું ધ્યાન રાખીએ છીએ તેમાં તમારી ખરાબી આવવા પર સુંદરતા અને સ્વાસ્થ્ય બંને ખરાબ થઈ શકે છે. પરંતુ લિવર જેવા અંગો પર આપણું સ્પષ્ટ ધ્યાન નહીં જવાના કારણે આંતરિક અવયવો ખરાબ થવાના સંકેત મોડેથી મળે છે. પરંતુ જ્યારે શરીર પર દેખાતા કોઇ ફેરફારની બારીકાઈથી નજર રાખશો તો કેટલાંક સંકેતોથી લિવરની બીમારી શરૂઆતમાં જ પકડી શકો છો. લિવરમાં કોઇ ખરાબ આવવાના સંકેત તળિયા પર સંકેત મળી જાય છે. આ તમને ફેટી લિવર, બ્લડ સર્ક્યુલેશન, લોહીની સફાઇ નહીં થવાના સંકેત સરળતાથી આપી દે છે. અહીં જાણો, લિવર ડિઝીઝના આ લક્ષણો વિશે. હવે વાત કરીએ બગના તળિયામાં બળતરા થાય છે કેમ? તો આગળ લખ્યુ તેમ ખરાબ જીવનશૈલીથી લઈને ખરાબ ખાનપાન સુધીની આદતોના કારણે આવું થઈ શકે છે. આ ઉપરાંત જો તમારા શરીરમાં પાણીની કમી હોય તો પણ આ સમસ્યા થઈ થકે છે. એટલે પહેલા તો પૂરતું પાણી પીવો. પાણી ઘુંટડે, ઘુંટડે સમય લઈએ પીવો. પાણીના ઘુંટડા સાથે મોઢાની લાળ પણ પેટમાં જવી જોઈએ. આ ઉપરાંત તમારા શરીરને પૂરતા વિટામિન તમે જે આહાર લેતા હોવ તેમાંથી ન મળતા હોય તો પણ આ સમસ્યા થઈ શકે છે. એટલે જ કહેવાય છે કે યોગ્ય કેલેરીવાળો અને પોષણયુક્ત આહર રોજ આપણે લેવો જોઈએ. વિટામિન બી૧૨ અને બી૬ ની કમી જો શરીરમાં જોવા મળે તો પણ તમારા પગના તળિયામાં બળતરા થઈ શકે છે.



કિડનીની બિમારી હોય, વધારે પડતી દવા ખાવામાં આવતી હોય તો પણ તમારા પગના તળિયામાં બળતરા થઈ શકે છે. દવાની ગરમી વધી જાય તો આવી સમસ્યા ઊભી થતી હોય છે. તળિયામાં સોજા અથવા ચાલતી વખતે દુઃખાવો થવો સામાન્ય સમસ્યા છે, પરંતુ તેને સતત નજરઅંદાજ કરવાથી ફેટી લિવર ખતરનાક બની શકે છે. જ્યારે લિવરમાં ફ્લૂઈડ જમા થવા લાગે છે અથવા ફેટી લિવરની બીમારી થઈ જાય છે, ત્યારે તળિયામાં સોજા આવે છે. વધારે ચાલવાથી પગના તળિયા ગરમ થઈ જાય છે, કેટલીક વખતે જૂતા પહેરવાના કારણે પણ તળિયામાં ગરમાવો રહે છે. પરંતુ તે લિવર માલફંક્શનનો પણ એક સંકેત હોઈ શકે છે. તેનો અર્થ એ છે કે, લિવર ઢંગથી લોહી સાફ નથી કરી રહ્યું. આ સંકેતને ઓળખવામાં સમય ના લગાવવો જોઈએ. કારણ કે હાર્ટ ફેલ થવા પર તળિયામાં સતત ખંજવાળ આવતી હોય છે. હાર્ટ ફેલિયરના કારણે લિવરમાં કન્જેક્શન થઈ જાય છે, જેના કારણે તળિયામાં સતત ખંજવાળ આવવા લાગે છે. પગમાં નીલી-વાદળી દેખી નસો સ્પાઈડર વેન્સ કહેવાય છે, તે તળિયામાં પણ જોવા મળે તો તેનો અર્થ વધારે માત્રામાં એસ્ટ્રોજન વધવું છે. જ્યારે લિવર કામ કરવાનું બંધ કરી દે છે તો શરીરમાં એસ્ટ્રોજન હોર્મોન વધી જાય છે. કેટલાંક લોકોના તળિયા અથવા પગમાં ડાઘ ધબ્બા થઈ જાય છે. જેનો સ્પષ્ટ અર્થ છે કે, શરીરમાં લોહીનું પરિભ્રમણ હેલ્ધી રીતે નથી થઈ રહ્યું, આ જ કારણોસર લિવરનું કામકાજ ઠપ્પ થઈ શકે છે અને પગમાં સતત દુઃખાવો રહે છે.

# ઘરમાં પારિજાતનો છોડ કેમ લગાવવામાં આવે છે?

પારિજાતનો છોડ દેખાવમાં ખૂબ જ સુંદર છે. પારિજાત વૃક્ષની ઊંચાઈ દસથી પચીસ ફૂટ હોય છે. આ વૃક્ષની એક ખાસ વાત એ છે કે, તે મોટી સંખ્યામાં ફૂલો ઉત્પન્ન કરે છે જે નાજુક હોવાને કારણે ઝડપથી ખરી જાય છે. આ અદ્ભુત ફૂલો ફક્ત રાત્રે જ ખીલે છે અને સવાર સુધીમાં તે બધા સુકાઈ જાય છે. જેના ઘરમાં કે આંગણામાં આ ફૂલો ખીલે છે, ત્યાં હંમેશા શાંતિ અને સમૃદ્ધિનો વાસ રહે છે. પારિજાતનું વૃક્ષ ઘરમાં લગાવવાથી વાસ્તુ દોષ દૂર થાય છે અને ઘરમાં સમૃદ્ધિ આવે છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર તેને ઉત્તર-પૂર્વ દિશામાં રાખવું શ્રેષ્ઠ છે. મંદિર પાસે પારિજાતનો છોડ લગાવવાથી વધુ ફળ મળે છે. આને લગાવવાથી



ઘરમાં પૈસા અને અનાજની કમી નથી રહેતી. માનસિક તણાવ પણ દૂર થાય છે જ્યારે દક્ષિણ દિશામાં છોડ લગાવવો શુભ માનવામાં આવતો નથી. આમ કરવાથી લાભને બદલે નુકસાન થશે.

# ત્વચાની દરેક સમસ્યાનો ઇલાજ છે આ સસ્તુ તેલ, આયુર્વેદિક એક્સપર્ટ પાસેથી જાણો ઘરે બનાવો

લીમડાના તેલમાં કપૂરના ટૂકડાં આપમેળે જ ઓગળી જશે, ત્યારબાદ હળવા હાથે તેને ત્વચા પર અપ્લાય કરો. ઓઈલ લગાવતી વખતે વધારે ભાર ના આપો. આ તેલ મચ્છર કરડવાથી થતા લાલ ચકામા, રેશિઝ, એક્ઝિમા, ખંજવાળ વગેરેમાં રાહત આપશે. તમે આ તેલને વાળમાં પણ લગાવી શકો છો. જેથી ડેન્ડ્રફ, જૂ, સ્કાલ્પમાં ખંજવાળમાં રાહત મળશે. લીમડાનું તેલ ફાઇન લાઈન્સ દૂર કરવામાં મદદ કરે છે અને તે ત્વચામાં કોલેજન પ્રોડક્શન વધારે છે. તેમાં રહેલું વિટામિન ઈ સ્કિનની ડ્રાયનેસ દૂર કરે છે. આ સિવાય તેમાં એન્ટી બેક્ટેરિયલ, એન્ટી ફંગલ અને એન્ટી ઈન્ફ્લમેન્ટરી ગુણો રહેલા છે. ત્વચા પર તેના ઉપયોગથી બેક્ટેરિયા દૂર થાય જેનાથી એક્ને-ખીલની સમસ્ય દૂર થાય છે. જો ત્વચા પર પિગમેન્ટેશન કે કાળા ડાઘ હોય તો લીમડાનું તેલ તેને દૂર કરી શકે છે. આ માટે તેલને ચહેરા પર ૧૫ મિનિટ સુધી લગાવીને રાખો અને ત્યારબાદ હૂંફાળા પાણીથી ચહેરો ધૂઓ. આ તેલ તમને યુવી કિરણોથી પણ બચાવશે. માર્કેટમાં મળતા સ્કિન ટોનરમાં કેમિકલ્સ રહેલા હોય છે, તમે ઈચ્છો તો આ ઓઈલનો ઉપયોગ ટોનર તરીકે કરી શકો છો. તેમાં એન્ટી બેક્ટેરિયલ અન એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણો સ્કિન પોર્સમાં અંદર સુધી સમાઈને સ્કિન ટોનમાં સુધાર લાવે છે. જો સ્કિન ઈન્ફેક્શન કે ફંગલની સમસ્યા હોય તો આ તેલને કોટનમાં લઈ પ્રભાવિત ત્વચા પર દિવસમાં ૨ વખત લગાવો. લીમડો આપણા માટે પ્રકૃતિનું વરદાન છે. લીમડાના વૃક્ષના પાનથી લઈને ડાળી સુધી દરેક વસ્તુ ઉપયોગી છે. લીમડો સ્વાસ્થ્ય અને સૌંદર્ય બંને પૂરા પાડે છે. ઘણી બ્યુટી પ્રોડક્ટમાં લીમડાનો મુખ્ય વસ્તુ તરીકે ઉપયોગ થાય છે. લીમડાના પાન-ડાળીની જેમ તેનું પીળું ફળ લીંબોળી પણ સ્વાસ્થ્ય માટે લાભકારક છે. આયુર્વેદમાં લીંબોળીના તેલને ખૂબ ગુણકારી માનવામાં આવે છે. શરીરના ઘણા રોગો અને પરેશાનીઓમાં લીંબોળીના તેલથી આરામ મળે છે. પ્રદૂષણના કારણે સ્કીન ડેમેજ થાય છે. લીંબોળીનું તેલ હાઈડ્રોફોબિક પ્રકૃતિ ધરાવે છે એટલે પાણીમાં મિક્સ ન કરી શકાય. લીંબોળીના તેલમાં નારિયેળનું તેલ મિક્સ કરીને સ્કીન પર લગાવો તો ડ્રાય સ્કીનમાં રાહત મળશે. લીંબોળીના તેલમાં ફેટી એસિડ રહેલું છે. તેમાંથી નીકળતું મોઈશ્ચરથી ડ્રાયનેસ દૂર થાય છે. વાળમાં લીંબોળીનું તેલ લગાવીને થોડી વાર મસાજ કરો. ત્યાર બાદ વાળને બરાબર ધોઈ નાખો. વાળ ધોયા પછી એકદમ સ્મૂધ લાગશે. વાળનો ગ્રોથ સારો થાય તેવું ઈચ્છતા હો તો




પહેલા સ્કાલ્પનું ધ્યાન રાખો. સ્કાલ્પ હેલ્ધી હશે તો જ ગ્રોથ સારો થશે. સ્કાલ્પને હેલ્ધી રાખવા લીંબોળીનું તેલ શ્રેષ્ઠ છે. કડવો લીમડો સ્વાસ્થ્યની દ્રષ્ટિએ અદભૂત રીતે લાભકારી છે. લીમડાના પાન કેન્સર સેલ્સ અને ટ્યૂમરને વધતાં રોકે છે, સાથે જ કેન્સરના સેલ્સને ખતમ પણ કરે છે. તેનો સ્વાદ ભલે કડવો હોય પણ સ્વાસ્થ્ય માટે તેના લાભ ખૂબ જ મીઠા છે. તમે રોજ સવારે લીમડાના ૪ પાન ચાવીને ખાઈ લો તો રોગો તમને અડશે પણ નહીં. લીમડાનો ઉપયોગ કરવાથી ઘણી બધી મોટી બીમારીઓનો ખતરો પણ ટળે છે. આ વૃક્ષનો દરેક ભાગ જેમ કે તેના પાન, છાલ, જડ, ફૂલ બધું હેલ્થ માટે ખૂબ જ લાભકારી છે. લીમડામાં એન્ટીબેક્ટેરિયલ, એન્ટીફંગલ, એન્ટીઈન્ફ્લામેટરી પ્રોપર્ટીઝ રહેલી છે. જેથી અત્યારે કોરોના કહેરમાં પણ ઈન્ફેક્શનથી બચવા કડવો લીમડો બેસ્ટ દવા છે.

તાપમાન ઘટી જવાથી વાળ પર ખરાબ અસર પડે છે. શિયાળામાં ભેજનો અભાવ, પ્રદૂષણ, તણાવ વગેરેને કારણે વાળ પાતળા અને સૂકા દેખાય છે. લીમડાનું તેલ શિયાળામાં વાળની સમસ્યાને દૂર કરવા માટે ફાયદાકારક માનવામાં આવે છે. લીમડાના તેલમાં ફેટી એસિડ હોય છે. તેમાં એન્ટિફંગલ અને એન્ટિસેપ્ટિક ગુણધર્મો છે. જે લોકોને ખરજવું અને સૉરાયિસસ છે, તેમને આયુર્વેદિક સારવારમાં લીમડાના તેલનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. શિયાળામાં લીમડાના તેલનો ઉપયોગ કરવાથી ડેન્ડ્રફ તો દૂર થાય છે પણ વાળના વિકાસને પણ પ્રોત્સાહન મળે છે. વાળ માટે લીમડાના તેલના ફાયદા જાણ્યા પછી હવે અમે તમને શિયાળામાં તેનો ઉપયોગ કરવાની ૫ રીતો જણાવીશું. લીમડાના તેલને ગરમ કરીને અથવા અન્ય સામગ્રી સાથે ભેળવીને લગાવવાથી તેના ફાયદા બમણા થઈ જાય છે. તો આવો જાણીએ કે વાળમાં લીમડાના તેલનો ઉપયોગ કેવી રીતે કરવો અને તેને બનાવવાની યોગ્ય રીત.

BOLLYWOOD NEWS FLASH

## ટાઈગર ૩માં જ્યારે શાહરુખ ખાન એન્ટ્રી કરશે ત્યારે આ સીનને શોલેના જય-વીરુના સીનની જેમ બતાવવામાં આવશે



# શાહરુખ-સલમાનના એક સીન પર ખર્ચ થયા ૩૦ કરોડ


। મુંબઈ, તા.૨ ।

સલમાન ખાનની ફિલ્મ ટાઈગર ૩ ને લઈને સતત ચર્ચાઓ થઈ રહી છે. તેમાં પણ જ્યારથી સલમાન ખાનની ફિલ્મની પહેલી ઝલક ટીઝરમાં જોવા મળી છે ત્યારથી લોકોનો ઉત્સાહ બમણો થઈ ગયો છે. સાથે જ આ ફિલ્મને લઈને મોટી જાણકારી સામે આવી છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાનનો કેમિયો પણ કન્ફર્મ થયો છે. જેના કારણે ફેન્સની ઉત્તેજના વધી ગઈ છે. ટાઈગર ૩માં શાહરૂખના કેમિયોને લઈને મોટી જાણકારી સામે આવી છે. જાણવા મળતી માહિતી અનુસાર આ ફિલ્મમાં શાહરૂખ લગભગ ૨૫ મિનિટનો કેમિયો કરશે. શાહરૂખ ખાનના કેમિયો અંગે જાણકારી સામે આવી છે કે ટાઈગર ૩માં જ્યારે શાહરુખ ખાન એન્ટ્રી કરશે ત્યારે આ સીનને શોલેના જય-વીરુના સીનની જેમ બતાવવામાં આવશે. આ સીનનું શૂટિંગ મડ આઈલેન્ડમાં થયું છે. આ કેમિયો સિક્વન્સ પર ૩૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. જેના માટે મડ આયલેન્ડમાં પાકિસ્તાની જેલનો સેટ બનાવવામાં આવ્યો હતો. જ્યાંથી પઠાન ટાઈગરને બચાવશે. ત્યારબાદ બંને જેલમાંથી ભાગી જશે. આ ખાસ સીન માટે મેકર્સે ૩૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. ટાઈગર ૩ ના બજેટની વાત કરીએ તો તે લગભગ ૩૦૦ કરોડ રૂપિયા હોવાનું ચર્ચાય છે. ફિલ્મની એકશન સીક્વન્સ, કાસ્ટની ફી અને ગ્રાફિક્સ પર મોટી રકમ ખર્ચવામાં આવી છે. ટાઈગર ૩ની રિલીઝ ડેટની વાત કરીએ તો ફિલ્મ ૧૦મી નવેમ્બરે રિલીઝ થઈ રહી છે. આ વખતે દિવાળી પર સલમાન ખાન જોરદાર ધમાકો કરવા માટે તૈયાર છે.

# બોલિવૂડ અભિનેત્રી રવીના ટંડન જણાવ્યું હતું સુપર સ્ટાર ઋષિ કપૂર તેના ક્રશ હતા

। મુંબઈ, તા.૨ ।

બોલિવૂડ અભિનેત્રી રવીના ટંડન આજે પણ તેના અભિનય અને તેના દમદાર પાત્રોથી દર્શકોના દિલ જીતે છે. આ દિવસોમાં અભિનેત્રી તેના એક નિવેદનને કારણે ચર્ચામાં છે. તેણીએ કહ્યું છે કે તેણીને ૭૦ના દાયકાના એક સુપરસ્ટાર ખૂબ જ પસંદ હતા, તે તેના ક્રશ હતા. આવો જાણીએ એ સુપરસ્ટારનું નામ. તાજેતરમાં જ રવીનાએ જણાવ્યું હતું કે તે સમયે અભિનેત્રીનો ક્રશ દિવંગત અભિનેતા ઋષિ કપૂર હતો જેના પર તે જાન ન્યોછાવર કરતી હતી. તાજેતરના ઈન્ટરવ્યુમાં, તેણે પોતે આ વાતનો ખુલાસો કર્યો છે અને અભિનેતાના લગ્ન સાથે જોડાયેલી એક ઘટના પણ ચાહકો સાથે શેર કરી છે કે જ્યારે તે નીતુ સિંહની જીવનસાથી બનવા જઈ રહી હતી ત્યારે તે કેવું અનુભવી રહી હતી. બોલિવૂડ એક્ટ્રેસ રવીના ટંડને પોતાનું ગહન રહસ્ય જણાવતા કહ્યું કે એક સમય હતો જ્યારે તે સમયના પ્રખ્યાત અભિનેતા ઋષિ કપૂર તેના ક્રશ હતા. વર્ષ ૧૯૮૦માં જ્યારે ઋષિ કપૂર અને નીતુ કપૂરના લગ્ન થયા ત્યારે તેમના લગ્નમાં રવીના ટંડન પણ હાજર હતી. પરંતુ તે સમયે અભિનેત્રી ખૂબ જ નિરાશ હતી. આખા લગ્ન દરમિયાન તે બેશુદ્ધ અવસ્થામાં અહીં-તહીં ભટકી રહી હતી. આ વાતનો ખુલાસો ખુદ રવીના ટંડને કર્યો છે. આ સ્ટોરી શેર કરતી વખતે અભિનેત્રીએ એ પણ જણાવ્યું કે ઋષિ કપૂર ખૂબ જ દયાળુ વ્યક્તિ હતા. તેણે એ પણ જણાવ્યું કે જ્યારે તેણે પહેલીવાર ઋષિ કપૂરને 'ચિન્ટુ જી' કહ્યું ત્યારે શું થયું હતું. તે સમયે અભિનેત્રી ઘણી નાની હતી અને તે તેને ચિન્ટુ અંકલ કહીને બોલાવતી હતી. તેમણે ઋષિ કપૂર સાથે પહેલીવાર કામ કર્યું ત્યારે તે ઘટના પણ શેર કરી હતી. તે દરમિયાન મને જબરદસ્તી ચિન્ટુ જી કહેવડાવાયું હતું. તાજેતરમાં, અભિનેત્રીએ એક ફોટો શેર કર્યો હતો જેમાં તે ઋષિ કપૂરના લગ્નમાં ઉભી જોવા મળી રહી છે. અભિનેત્રીએ આગળ કહ્યું કે તેમના લગ્ન દરમિયાન તે અહીં તહીં ભટકતી હતી અને ગુસ્સે હતી.



# ફિલ્મ શૂટ થયા પછી ફિલ્મમેકરે સેક્સ માટે કહ્યું, ના કહી તો ફિલ્મમાંથી કરી બહાર



। મુંબઈ, તા.૨ ।


ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા કલાકારો સાથે કાસ્ટિંગ કાઉચની ઘટનાઓ બની ચુકી છે. કાસ્ટિંગ કાઉચ ગ્લેમર વર્લ્ડની ડાર્ક સાઈડ છે. આ પ્રકારની ઘટનાઓમાંથી બોલીવુડના ઘણા પ્રખ્યાત કલાકારોને પસાર થવું પડ્યું છે. આ અંગે ઘણી અભિનેત્રી ખુલાસા કરી ચૂકી છે. તેવામાં આ યાદીમાં વધુ એક નામ ઉમેરાયું છે. અનેક ફિલ્મોમાં કામ કરી ચૂકી ઈશા ગુપ્તા એ પણ પોતાની સાથે બનેલી કાસ્ટિંગ કાઉચની ઘટના વિશે ખુલીને વાત કરી હતી. તાજેતરમાં એક મુલાકાત દરમિયાન તેણે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં તેની સાથે એકવાર નહીં પરંતુ બે વખતની કાસ્ટિંગ કાઉચની ઘટના બની હતી પરંતુ બંને વખતે તે કાસ્ટિંગ કાઉચનો શિકાર થતા બચી ગઈ. ઈશા ગુપ્તા એ પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસો યાદ કરતા જણાવ્યું હતું કે, તે એક ફિલ્મ કરી રહી હતી ત્યારે તેની સાથે આ ઘટના બની હતી. ફિલ્મનું અડધું શૂટિંગ પૂરું થઈ ગયું હતું અને અડધું શૂટિંગ બાકી હતું. તે સમયે ફિલ્મ મેકરે તેમની પાસેથી સેક્સુઅલ ફેવર માંગી હતી. જ્યારે ઈશા ગુપ્તાએ આમ કરવાથી ઈક્રાર કર્યો તો તેને અડધી ફિલ્મ પૂરી થયા પછી ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી.

# સુશાંતસિંહ રાજપુતને યાદ કરીને ભાવુક થઇ દિશા પટની

। મુંબઈ, તા.૨ ।

બોલિવૂડના દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂતના નિધનને ત્રણ વર્ષ થઈ ગયા છે. અલબત્ત, તે હવે આપણી વચ્ચે નથી, પરંતુ ફેન્સ હજુ પણ તેની શાનદાર ફિલ્મો જોવાનું પસંદ કરે છે. જ્યારે પણ સુશાંતની કરિયરની સૌથી શાનદાર ફિલ્મોનો ઉલ્લેખ થાય છે, ત્યારે 'એમએસ ધોની ધ અનટોલ્ડ સ્ટોરી'નું નામ આપોઆપ સૌથી પહેલા મનમાં આવે છે. આ ફિલ્મે સુશાંતને સુપરસ્ટાર બનાવ્યો. ૨૦૧૬માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં સુશાંત ઉપરાંત દિશા પટની, કિયારા અડવાણી અને અનુપમ ખેર પણ હતા. તે બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મને રિલીઝ થયાને ૭ વર્ષ થઈ ગયા છે. આવી સ્થિતિમાં, આ ફિલ્મની ૭મી વર્ષગાંઠ સેલિબ્રેટ કરતી વખતે ફિલ્મ સાથે જોડાયેલા સ્ટાર્સ તેમના કો-સ્ટાર સુશાંત સિંહ રાજપૂતને યાદ કરી રહ્યા છે. તેમાંથી એક દિશા પટની પણ છે. જી હા! દિશા પટનીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ફિલ્મના ૭ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરી છે. આ સાથે તેમણે સુશાંત સિંહ રાજપૂતને પણ યાદ કરીને તેમને ભાવુક શ્રદ્ધાંજલિ આપી હતી. તેણે સુશાંત સાથેની એક ફિલ્મની એક નાનકડી વીડિયો ક્લિપ શેર કરી છે, જેને જોઈને સુશાંતના ફેન્સ તેને યાદ કરીને ભાવુક થઈ ગયા છે. ઈન્સ્ટાગ્રામ પર વિડિયો શેર કરતી વખતે દિશાએ કેપ્શનમાં લખ્યું, 'આ સુંદર સફર અને હિન્દી સિનેમામાં મારી પ્રથમ ફિલ્મ માટે આભાર, તમારા દિલથી પ્રેમ કરો અને તમને ખુશ કરનારા લોકોને સંભાળીને રાખો અને જીવનની વાતો પણ સાંભળો. અફસોસ માટે આ દુનિયા બહુ નાની છે. અમે ગુડબાય કહી શક્યા નથી પરંતુ મને આશા છે કે તમે ખુશ અને શાંતિમાં હશો. દિશાએ વીડિયો શેર કરતાની સાથે જ તેની પોસ્ટ બોલિવૂડ સ્ટાર્સ અને ફેન્સની કોમેન્ટ્સથી છલકાઈ ગઈ હતી. જ્યાં ફેન્સ સુશાંતને યાદ કરીને ભાવુક થઈ રહ્યા છે. સુશાંત અને દિશાને એકસાથે જોયા બાદ કેટલાક ફેન્સ તેમના પર પ્રેમ વરસાવવા લાગ્યા હતા. અનિલ કપૂર, મૌની રોય, અપારશક્તિ ખુરાનાએ પણ દિશાના પોસ્ટર પર કોમેન્ટ કરીને સુશાંતને યાદ કર્યો હતો. દિશાના વીડિયો પોસ્ટ પર કોમેન્ટ કરતાં અનિલ કપૂરે લખ્યું, 'અમેઝિંગસીન,તમેબંનેખૂબજસરસછો.' કોમેન્ટકરતાંઅપારશક્તિએ કહ્યું કે તેને આ સીન સંપૂર્ણપણે યાદ છે. મૌની રોયે પણ દિશાના વખાણ કર્યા અને લખ્યું, 'આ ફિલ્મમાં તું પ્રેમની પ્રતિમૂર્તિ હતી. ખૂબ જ શાનદાર. હું તને ખુબ જ પ્રેમ કરું છું. આગળ વધો...હંમેશા તારા માટે સૌથી મોટેથી ચીયર કરુ છું. તમને જણાવી દઈએ કે **'MS Dhoni The Untold Story'** ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની બાયોપિક છે. આ ફિલ્મ ડાયરેક્ટર નીરજ પાંડેએ ડિરેક્ટ કરી હતી. વિકિપીડિયા અનુસાર, આ ફિલ્મ ૧૦૪ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે.





# કે.આર.દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ અને સ્પોર્ટ્સના ખેલાડીઓ દ્વારા નગરમાં સ્વચ્છ અભિયાન હાથ ધરાયું

## ડો. બહાદુરસિંહ ગોહિલ પ્રોગ્રામ ઓફિસર દ્વારા સમસ્ત કાર્યક્રમનું સફળ રીતે સંચાલન કરવામાં આવ્યું




। પંકજ પંડિત ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરની કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ અને સ્પોર્ટ્સના વિધાર્થીઓને સાથે રાખી પ્રોગ્રામ ઓફિસર ડૉ.બહાદુરસિંહ ગોહિલ દ્વારા નગરના દરેક વિસ્તારોમાં ફાટી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. એન.એસ.એસ અને સ્પોર્ટ્સના સ્વયંસેવકો દ્વારા ગાંધી જયંતિ અને લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મ જયંતિ નિમિત્તે નગરમાં હાથમાં બેનર લઈ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન સ્વયંસેવકો હાથમાં પ્લાસ્ટીકની મોટી થેલી લઈ ફરી ફરી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કચરો સંગ્રહ કરતા હતો.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરેકે સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા સંદેશ આપતા વિવિધ સ્લોગન બોલતા જતા હતા. ડૉ બહાદુરસિંહ ગોહિલ દ્વારા વડાપ્રધાન દ્વારા જે સ્વચ્છ ભારત અભિયાન ચાલે છે તેમાં ઝાલોદ તાલુકાના દરેક નાગરિક સાથ આપે તેમ સંદેશ પાઠવ્યો હતો.

### ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ દ્વારા

# ગાંધીજીને સુત્તરની માળા પહેરાવી ભાવાંજલિ આપવામાં આવી

। ઝાલોદ, તા.૨ ।



ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ દિનેશ પંચાલ દ્વારા આજ રોજ ૦૨-૧૦-૨૦૨૩ ના રોજ ગાંધી જયંતિ નિમિત્તે મીઠાચોક ખાતે તેમના પાર્ટીના સાથી મિત્રો બટુલ ડામોર, રાજેશ ભાભોર અને ટપુ વસૈયા સાથે જઈ ગાંધીજીની પ્રતિમાને સુત્તરની આટી પહેરાવી ભાવાંજલિ અર્પણ કરી હતી.

# ઉમિયા વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ઘેલાં સોમનાથ મંદિરની સફાઈ કરી



। જસદણ, તા.૨ ।

તા.૦૨-૧૦-૨૦૨૩ના રોજ ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીજી સ્વચ્છતાના ખુબ જ આગ્રહી હતા તેથી તેમના જન્મ દિવસની ઉજવણી સ્વચ્છતા અભિયાનથી કરવામાં આવે છે તે અનુસંધાને રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કૈલા સાહેબના માર્ગદર્શન નીચે રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાની શ્રી ઉમિયા વિદ્યામંદિર-રૂપાવટીના NSS યુનિટના ૩૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વીંછીયા તાલુકાના પ્રખ્યાત એવા શ્રી ઘેલા સોમનાથ મંદિરમાં ગાંધી જયંતીની ઉજવણી કરી. સ્વચ્છતા અભિયાનની શરૂઆત મંદિરના મેનેજરશ્રી ભટ્ટભાઈ, શીલુભાઈ અને ભાજપના આગેવાનો શ્રી ખોડાભાઈ ખસિયા, ભૂપતભાઈ કેરાળીયા, અરવિંદભાઈ રાજપરા, ઉકાભાઈ રબારી અને શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ દીપ પ્રાગટ્ય કરીને સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી. સ્વચ્છતા અભિયાન અંતગર્ત શ્રી સોમનાથ મહાદેવ મંદિરના પરિસર, પાર્કિંગ, મંદિરની આજુબાજુ અને મીનળદેવી મંદિર અને તેના પગથિયાની આજુબાજુ સાફ સફાઈ કરીને ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી. શાળાના આચાર્ય ભૂવા ધર્મેશભાઈ રામજીભાઈ અને NSS યુનિટના પ્રોગ્રામ ઓફિસર કેરાળીયા કિરીટભાઈએ જહેમત ઉઠાવીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો.

# ગોંડલ વ્હોરા સમાજએ સૈયદના સાહેબના આગમન પ્રસંગને લઈ મહાનુભવોને નિમંત્રણ પાઠવ્યું



હુસામુદ્દીન કપાસી

। જસદણ, તા.૨ ।

જેમની એક ઝલક પામવા માટે રીતસરની પડાપડી થાય છે એવાં વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં (સર્વોચ્ચ ધર્મગુરુ) નામદાર ડો. સૈયદના અબુ જાફરૂસ્સાદિક આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) આગામી દિવસોમાં ગોંડલ પધારવાના હોવાથી એને લઈને ગોંડલ શહેર અને તાલુકા જીલ્લાના રાજકીય, સામાજિક, સેવાકિય, શૈક્ષણિક, વૈદકિય, ઓદ્યોગિક, જેવા અનેક ક્ષેત્રના વિવિધ મહાનુભવોને ગોંડલના દાઉદી વ્હોરા સમાજના આગેવાનોએ રૂબરૂ જઈ આમંત્રણ પાઠવ્યું હતું ઘણાં વર્ષો પછી ગોંડલમાં વિશ્વ લોકકલ્યાણકારી ડો. સૈયદના સાહેબ પધારતા હોવાથી આ અંગે પ્રત્યેક વ્હોરા બિરાદરોમાં તડામાર તૈયારીઓ સાથે ખુશાલી વ્યાપી છે.

### ગાંધી જયંતિ નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત

# ગુજરાત સાયન્સ સિટીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી સાફ સફાઈ




। અમદાવાદ, તા.૨ ।

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાના હેતુથી દ્વારા ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રિકિંગ વોટર એન્ડ સેનિટેશન અને મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના સંયુક્ત ઉપક્રમે ૧૫-સપ્ટેમ્બરથી ૧-ઑક્ટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં સરકારના જુદા જુદા વિભાગો, સંસ્થાઓ, શાળાઓ અને કોલેજો જોડાઈ રહી છે. ગુજરાત સાયન્સ સિટી પણ આ અભિયાનમાં જોડાઈ. મહત્વનું છે કે ગુજરાત સાયન્સ સિટી ૧૦૭ હેક્ટરમાં પથરાયેલી છે. અને તેમાં જુદા જુદા પેવેલિયનો અને ગેલેરીઓ આવેલી છે. જેનો ઉદ્દેશ લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ વધારવાનો છે.

પહેલી ઓક્ટોબરે ગુજરાત સાયન્સ સિટીના પરિસરમાં ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી જે.બી. વદર તેમજ સ્ટાફના અન્ય કર્મચારીઓ દ્વારા સાફ સફાઈ કરવામાં આવી. જેમાં સાયન્સ સિટીની એડમિન ઓફિસ, ફૂડ કોર્ટ, જુદી જુદી ગેલેરીઓ, ગેલેરીઓ સુધી પહોંચવાના રસ્તાઓ સહિતની જગ્યાએ સાફ સફાઈ કરવામાં આવી. આ ઉપરાંત ભારતને કચરામુક્ત કરવા માટે ગુજરાત સાયન્સ સિટીના કર્મચારીઓએ દર સપ્તાહે બે કલાક સફાઈ કાર્ય કરવાના શપથ પણ લીધા.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU)ના CISF યુનિટ દ્વારા 'સ્વચ્છતા ઝુંબેશ' હેઠળ થયું સફાઈકાર્ય

## CISFના ડેપ્યુટી કમાન્ડન્ટ નિર્ભય સિંઘની ઉપસ્થિતિમાં SoU અને તેની આસપાસના વિસ્તારમાં સફાઇકાર્ય કરવામાં આવ્યું

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨ ।




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં જનભાગીદીરીથી શરૂ થયેલ સ્વચ્છ ભારત અભિયાન આજે જન આંદોલન બન્યું છે. 'સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૩' ને અનુલક્ષીને દેશભરમાં વિવિધ સફાઈકાર્યની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે ગુજરાતમાં પણ વિવિધ સ્થળોએ સફાઈકાર્યો કરવામાં આવી રહ્યા છે. આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) ના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (CISF) યુનિટ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના પરિસરમાં સ્વચ્છતા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. CISF ના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી નિર્ભય સિંઘના નેતૃત્વમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના વિસ્તારોમાં સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. ઈન્સ્પેક્ટર શૈલેન્દ્ર સિંઘ અને સબ ઈન્સ્પેક્ટર મૃત્યુંજય કુમાર સિંઘ પણ આ સફાઈકાર્ય દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા અને સફાઈ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ સ્વચ્છતા ઝુંબેશમાં વિસ્તારના સ્થાનિકો અને પ્રવાસીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. આમ, જનભાગીદારી સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં સફાઈકાર્ય હાથ ધરાયું હતું. CISF ના ડેપ્યુટી કમાન્ડન્ટ નિર્ભય સિંઘે જણાવ્યું કે, મહાત્મા ગાંધીએ 'સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા' નો સંદેશ આપ્યો હતો. તેઓના સ્વચ્છ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું. આજે આ અભિયાને સ્વચ્છતાને લઈને લોકોમાં જાગૃતિ લાવી છે અને સ્વચ્છતા અભિયાન એક જન આંદોલન બન્યું છે.

# ચીનની ભાંગતી અર્થવ્યવસ્થાથી ભારતને લાભ કે નુકશાન

। બેઈજિંગ, તા.૨ ।

ચીનની અર્થવ્યવસ્થા હાલ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. બે વર્ષમાં પહેલીવાર જુલાઈ મહિનામાં ચીનના લોકો દ્વારા વપરાતા સામાનની કિંમતમાં ઘણો ઘટાડો જોવા મળ્યો હતો. જે એક ચિંતાનો વિષય છે. કારણ કે ચીન એ દુનિયાની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. અહીની વસ્તી એક અરબ ચાલીસ કરોડ જેટલી છે. ચીનની અર્થવ્યવસ્થામાં વર્તમાન સમયમાં ધીમી ગતિનો વિકાસ દર, બેરોજગારી અને પ્રોપર્ટી બજારમાં ઉથલ-પુથલ જોવા મળે છે.

ચીન હાલ મંદીનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિ ત્યારે આવે જયારે બજારમાં વસ્તુની માંગમાં ઘટાડો થાય અને તેનું ઉત્પાદન જરૂરિયાત કરતા વધુ હોય છે. આ ઉપરાંત ચીનની અર્થવ્યવસ્થાનો મહત્વનો ભાગ ગણાતી એવરગ્રાંડે રીયલ એસ્ટેટ ડેવેલોપરના ચેરમેન હાલ પોલીસ કેદમાં છે. તેમજ તેમની કંપનીના શેરને પણ શેરબજારથી હટાવી દેવામાં આવ્યા છે જેની પણ ચીનના અર્થતંત્ર પર માઠી અસર પડી છે. આ મુદ્દો ચીન માટે મોટી સમસ્યા બની ગયો છે. તેમજ આની અસર માત્ર ચીન સુધી જ સીમિત નથી પરંતુ વૈશ્વિક બજારમાં તેની અસર પડી શકે છે. વિશ્લેષકોના મત અનુસાર આ મંદીની સીધી અસર મલ્ટીનેશનલ કંપની, તેના કર્મચારી અને ત્યાં કામ કરતા સામાન્ય લોકો પર કઈ રીતે પડશે તે બાબત આ કંપની ચીન સાથે કઈ રીતે જોડાયેલી છે બાબતથી નક્કી થશે. કોવીડ બાદ આ વર્ષે ચીનની જીડીપી પાછળના ત્રણ મહિનામાં ૦.૮ ટકા જ વધી છે. તેમજ તેની અંદાજીત વાર્ષિક વૃદ્ધિ ૩ ટકા જ છે જે પાછલા ત્રણ દશકમાં સૌથી વધુ નબળી જણાય છે. ચીનના અર્થશાસ્ત્રીઓને આશા હતી કે કોવીડ પછી લોકો વધુ નાણા ખર્ચ કરશે તેમજ ખાનગી કંપનીઓમાં પણ રોકાણ કરશે જેથી ચીનની અર્થવ્યવસ્થામાં સુધારો થાય જેના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં પણ સુધારો થઈ શકે. જોકે ચીનની અર્થવ્યવસ્થામાં ખુબ ઝડપી સુધાર જોવા મળ્યા હતા.

### ભાવનગરની કમનસીબ દુર્ઘટના

# ભાવનગરમાં પાણીના ખાડામાં પડતાં બે બાળકોના ડુબતા મોત

## ફાયર વિભાગે બંને બાળકોના મૃતદેહને કાઢ્યા, પોલીસે બંનેના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરી

। ભાવનગર, તા.૨ ।

જિલ્લામાં પાણીના ખાડામાં ન્હાવા પડેલા બે માસુમ બાળકો ડૂબી જવાથી મોતને ભેટ્યા હોવાની ઘટના સામે આવી છે. ફાયર વિભાગની ટીમ દ્વારા બંને બાળકોના મૃતદેહને કાઢ્યા હતાં. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે બંનેના મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. બંને બાળકોના પરિવારજનો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે સીદસર રોડ પર સ્થિત હિલપાર્ક ચોકડી પાસે પાણીના ખાડામાં શિવમ મોરબીયા અને સતીષ ઠાકર નામના બે બાળકો ન્હાવા પડતાં તેઓ અચાનક પાણીમાં ડૂબી ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિકો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતાં. ત્યાર બાદ તંત્રને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગની ટીમે પાણીના ખાડામાં બંને બાળકોની શોધખોળ હાથ ધરીને તેમના મૃતદેહો બહાર કાઢ્યા હતાં. આ ઘટનાની જાણ બંને બાળકોના માતાપિતાને કરતાં તેઓ ભારે આક્રંદ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં. ઘટનાની જાણ થતાં જ ઘટના સ્થળે પહોંચેલી પોલીસ દ્વારા બંને બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


# ઝાલોદમાં કોંગ્રેસના નેતા અમિત ચાવડાની અધ્યક્ષતામાં જનમંચનો કાર્યક્રમ યોજાયો

। ઝાલોદ, તા.૨ ।



તારીખ ૦૨-૧૦-૨૦૨૩ ના રોજ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઇ.એસ. ડાંગીની આગેવાનીમાં જાહેર જનતા સાથે થતા અન્યાય સામે જનતાના પ્રશ્નોને વાચા આપવા ઝાલોદ તાલુકાના ઝાલોદ શહેરમાં આવેલ ઠુંઠીકંકાસિયા ચોકડી પાસે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને જનમંચ કાર્યક્રમના પ્રણેતા અમિતભાઇ ચાવડાની અધ્યક્ષતામાં જનમંચનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.જે કાર્યક્રમ અંતર્ગત ઝાલોદ નગરપાલિકા અને ઝાલોદ તાલુકાના તમામ ગામો માંથી ઉમટેલી જનમેદનીએ ચાલુ સરકાર અને તંત્ર તેમજ સરકાર ના માણસો દદ્વારા જાહેર જનતા સાથે જે વ્યવહાર કરિ હાલ જનતા જે હાલાકિ ભોગવી રહેલ છે તે બાબતે જનમંચ કાર્યક્રમમાં પોતાના પ્રશ્નોની રજુઆત કરી વિધાનસભામાં આ બાબતોને ચર્ચામાં લઈ જલ્દી થી પ્રશ્નોનો નિકાલ થાય અને જનતાને ન્યાય મળે તેમ કરવા રજુઆત કરવામાં આવી હતી.જેમાં તમામ પ્રશ્નો સાંભળ્યા બાદ વિરોધ પક્ષ નેતા અમિતભાઇ ચાવડા એ જાહેર જનતાના પ્રશ્નો જે લોકો એ લેખિતમાં આપ્યા હતા તે તમામ પ્રશ્નોને વાચા આપવાનુ વચન આપ્યું હતુ.અને જરુર પડે તો રસ્તા પર ઉતરી જેલમાં પણ જવાની તૈયારી બતાવી હતી. કાર્યક્રમ બાદ અમિતભાઇ ચાવડા એ લીમડી ગ્રામ પંચાયતના ડંપિગ સાઇડ ઉપર કાર્યકર્તાઓ સાથે રજુઆતને ધ્યાનમા રાખી મુલાકાતે ગયા હતા જયાં સ્થાનિક લોકોની રજુઆત સાંભળી ડંપિગના લિધે માછણ નદીમાં કચરાના ઢગના કારણે જે દુષિત થયેલ પાંણી લીમડી શહેર અને આજુબાજુના લોકો પિવા માટે ઉપયોગમાં લેતા હોઈ વાયરલ ઈન્ફેકશનથી લોકો બિમાર પડતા હોવાથી આ ડંપિગ સાઇડ બંધ કરી રહિશો ને ચોખુ પાણી અને સ્વચ્છ હવા મળે તે માટે રજુઆત કરવા અને ન્યાય અપાવવાનુ વચન આપ્યું હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો- આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. તમારી સખત મહેનત તથા સમપર્પણ તમારા વિશે ઘણું બધું કહી જશે તથા તમને આત્મવિશ્વાસ તથા સહકાર જીતાડી આપશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે. તમારી આસપાસ શું થઈ રહ્યું છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે- એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

### સપ્ટે.૨૩ માટે પેટ્રોલ-ડીઝલના વેચાણના આંકડા જાહેર

# સપ્ટેમ્બરમાં ડિઝલના વેચાણમાં ઘટાડો, પેટ્રોલનું વેચાણ વધ્યું

### પેટ્રોલ-ડિઝલ વેચાણ અંગેની માહિતી જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓના પ્રારંભિક ડેટામાંથી પ્રાપ્ત થઈ છે




। નવી દિલ્હી, તા.૨ ।

સપ્ટેમ્બર ૨૦૨૩ માટે પેટ્રોલ અને ડીઝલના વેચાણના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ત્રણેય જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓના ડીઝલના વેચાણમાં સપ્ટેમ્બરમાં ઘટાડો થયો છે, જોકે, પેટ્રોલનું વેચાણ વધ્યું છે. આ માહિતી જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓના પ્રારંભિક ડેટામાંથી પ્રાપ્ત થઈ છે.

દેશના કેટલાક ભાગોમાં ઓછી માંગ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં મંદીને કારણે સપ્ટેમ્બરમાં ડીઝલના વેચાણમાં ૩ ટકાનો ઘટાડો થયો હતો. દેશમાં સૌથી વધુ વપરાતું ઈંધણ ડીઝલનું વેચાણ સપ્ટેમ્બરમાં ઘટીને ૫૮.૧ લાખ ટન થયું છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં ૫૯.૯ લાખ ટન હતું. સપ્ટેમ્બરના પહેલા ૧૫ દિવસમાં ડીઝલની માંગમાં ૫ ટકાથી વધુનો ઘટાડો થયો હતો, જ્યારે ઓછા વરસાદના કારણે આગામી ૧૫ દિવસમાં ડીઝલની માંગમાં વધારો થયો હતો. જો મહિના દર મહિનાના આધાર પર જોવામાં આવે તો ડીઝલનું વેચાણ માસિક ધોરણે ૨.૫ ટકા વધુ રહ્યું છે. ઓગસ્ટમાં ડીઝલનું વેચાણ ૫૬.૭ લાખ ટન હતું.

સામાન્ય રીતે, ચોમાસા દરમિયાન ડીઝલનું વેચાણ ઘટે છે, કારણ કે વરસાદને કારણે એગ્રીકલ્ચર સેક્ટરની માંગ ઓછી રહે છે. ડીઝલનો ઉપયોગ એગ્રીકલ્ચર સેક્ટરમાં સિંચાઈ, લણણી અને ટ્રાન્સપોર્ટેશન માટે બળતણ તરીકે થાય છે. જો કે, ઉદ્યોગનું કહેવું છે કે સ્થિર અને સ્વસ્થ આર્થિક કામગીરી અને એર ટ્રાવેલમાં સુધારા સાથે વર્ષના બાકીના મહિનામાં દેશમાં ફ્યુઅલની માંગ ઊંચી રહેશે.

ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં પેટ્રોલનું વેચાણ ગયા વર્ષની સરખામણીમાં ૫.૪ ટકા વધીને ૨૮ લાખ ટન થયું છે. ઓગસ્ટમાં પેટ્રોલની માંગમાં વધારો લગભગ સ્થિર રહ્યો છે. સપ્ટેમ્બરમાં મહિનાના આધારે પેટ્રોલની માંગમાં ૫.૬ ટકાનો વધારો થયો છે. સપ્ટેમ્બરમાં પેટ્રોલનો વપરાશ ૨૦૨૧ની સરખામણીમાં ૧૯.૩ ટકા વધુ હતો અને જ્યારે કોવિડ પહેલા એટલે કે સપ્ટેમ્બર, ૨૦૧૯ કરતાં ૩૦ ટકા વધુ હતો. ડીઝલનો વપરાશ સપ્ટેમ્બર, ૨૦૨૧ની સરખામણીમાં ૧૯ ટકા અને સપ્ટેમ્બર, ૨૦૧૯ની સરખામણીમાં ૧૧.૫ ટકા વધુ હતો. એરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં સતત વધારા વચ્ચે સપ્ટેમ્બરમાં એવિએશન ફ્યુઅલ (એટીએફ)ની માંગ ૭.૫ ટકા વધીને ૫,૯૬,૫૦૦ ટન થઈ છે. સપ્ટેમ્બર, ૨૦૨૧ની સરખામણીમાં તે ૫૫.૨ ટકા વધુ હતું. જ્યારે પ્રી-કોવિડ એટલે કે સપ્ટેમ્બર ૨૦૧૯ની સરખામણીમાં તે ૩.૫૫ ટકા ઓછું હતું. માસિક ધોરણે સપ્ટેમ્બરમાં જેટ ફ્યુઅલની માંગ સ્થિર રહી હતી. ઓગસ્ટ ૨૦૨૩માં વિમાન ફ્યુઅલની માંગ ૫,૯૯,૧૦૦ ટન હતી. સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે રાંધણ ગેસ (એલપીજી)નું વેચાણ ૬ ટકા વધીને ૨૬.૭ લાખ ટન પર પહોંચ્યું છે. સપ્ટેમ્બર, ૨૦૨૧ની સરખામણીમાં એલપીજી નો વપરાશ ૧૧.૪ ટકા વધુ હતો અને કોવિડ પહેલાના સમયગાળા એટલે કે સપ્ટેમ્બર, ૨૦૧૯ની સરખામણીમાં ૨૩.૩ ટકા વધુ હતો. માસિક ધોરણે એલપીજીની માંગમાં ૭.૩ ટકાનો વધારો થયો છે. ઓગસ્ટમાં એલપીજી ની માંગ ૨૪.૯ લાખ ટન હતી. એપ્રિલ અને મે મહિનામાં ડીઝલનો વપરાશ અનુક્રમે ૬.૭ ટકા અને ૯.૩ ટકા વધ્યો હતો કારણ કે તે સમયે એગ્રીકલ્ચર સેક્ટરની માંગ સારી હતી. આ સિવાય ઉનાળાના કારણે કારમાં એર કંડિશનરનો ઉપયોગ વધી ગયો હતો.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના ચિત્તોડગઢમાં શ્રી સન્વર્યા શેઠ મંદિરના દર્શન કર્યા હતા.

## હવે હું થાક્યો, ૩૪૦ દિવસ હું કામ ન કરી શકુ : પંકજ ત્રિપાઠી



। મુંબઈ, તા.૨ ।

પંકજ ત્રિપાઠી વર્તમાન સમયમાં સૌથી વ્યસ્ત એકટર્સ પૈકીના એક છે. તેઓ તાજેતરમાં જ ફિલ્મ ફુકરે ૩ માં નજર આવ્યા છે. તેના પહેલા તેઓ ઓએમજી ૨ માં નજર આવ્યા હતા જેમાં તેમની એક્ટિંગના જોરદાર વખાણ કરવામાં આવ્યા હતા. બેક ટુ બેક કામ કરતા પંકજ ત્રિપાઠી ખૂબ થાકી ચૂક્યા છે. પંકજ ત્રિપાઠીએ કહ્યું તેઓ ફિલ્મોમાં ઓછુ કામ કરશે કેમ કે તેઓ માત્ર કામ જ કરવા માંગતા નથી. તેમણે હવે ઓછી ફિલ્મો કરવાનું શરૂ કરી દીધુ છે કેમ કે હવે તેઓ થાકી ચૂક્યા છે. પંકજ ત્રિપાઠી કહે છે ઘણી વખત એવો વખત આવ્યો કે મે શોટ આપી દીધો, શું થયુ અને તે કઈ ફિલ્મ માટે હતો. આ સારી સ્થિતિ નથી. તમે ૩૪૦ દિવસ એક્ટિંગ ન કરી શકો અને હું તે કરી રહ્યો છુ પરંતુ હુ હવે આ કરવા માગતો નથી.

### એમઆરએનએ વેક્સીન બનાવનાર વૈજ્ઞાનિકોનું સન્માન

# કૈટેલિક કૈરિકો-ડુવેઈસમેનને મેડિસિનનો નોબેલ પુરષ્કાર

### બંને વૈજ્ઞાનિકો કૈટેલિક કૈરિકો અને ડ્રૂ વેઇસમેન શરીરમાં થતા ઈમ્યૂન સિસ્ટમની અસર એટલે કે એક્શન-રિએક્શન બંનેને સમજી શક્યા હતા

। નવી દિલ્હી, તા.૨ ।

વિશ્વભરમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦થી ફેલાયેલા કોવિડ વાયરસે (કોવિડ-૧૯) વિવિધ દેશોની અર્થવ્યવસ્થાની સાથે સાથે લોકોની પણ સ્થિતિ કફોડી કરી હતી.આ વાયરસે વિશ્વભરની અર્થવ્યવસ્થાને પાંગરુ કરી દીધું હતું. આ વાયરસના કારણે આખું વિશ્વ થંભી ગયું હતું. એટલું જ નહીં કરોડો લોકોના મોત પણ આ વાયરસના કારણે થયા હતા. વૈજ્ઞાનિકોએ પણ આ વાયરસની દવા શોધવા તમામ પ્રયાસો કરતા રહ્યા હતા, ત્યારે કોવિડ-૧૯ મહામારીને ફેલાતી રોકવા એમઆરએનએ વેક્સીન બનાવનાર વૈજ્ઞાનિકો કૈટેલિક કૈરિકો અને ડ્રૂ વેઈસમેનને મેડિસિનનું નોબેલ પુરસ્કાર મળ્યો છે. બંને વૈજ્ઞાનિકોએ વૈક્સિન દ્વારા વિશ્વભરના વૈજ્ઞાનિકોને વિચારસરણી બદલી નાખી. શરીરમાં થતા ઈમ્યૂન સિસ્ટમની અસર એટલે કે એક્શન અને રિએક્શન બંનેને વૈજ્ઞાનિકો સમજી શક્યા હતા. જ્યારે કોરોના વિશ્વભરમાં ફેલાયો તે સૌકોઈ મુશ્કેલીમાં મુકાયા હતા, તેની કોઈ સારવાર પણ ન હતી. વૈજ્ઞાનિકો દવાઓ શોધી રહ્યા હતા. તમામ દેશોની અર્થવ્યવસ્થા ભાંગી પડી હતી. કરોડો લોકોના જીવ ગયા. આવી સ્થિતિમાં કોરોનાથી બચવા આવી વેક્સિન વિકસીત કરવાનું તમામ વૈજ્ઞાનિકો પર દબાણ હતું. કોરોના વાયરસ શરીરમાં કેવી રીતે ફેલાઈ રહ્યો છે, તે શરીરના કયા ભાગમાં વધુ અસર કરી રહ્યો છે. અ ા બધી બાબતો સમજ્યા બાદ બંને વૈજ્ઞાનિકોએ એમઆરએનએ વેક્સીનનો ફોર્મ્યૂલા વિકસાવ્યો. ત્યારબાદ વેક્સીન પણ બનાવાઈ. વાસ્તવમાં આપણી કોશિકાઓના ડીએનએને મેસેંજર આરએનએ એટલે કે એમઆરએનએના રૂપમાં બદલવામાં આવ્યું, જેને ઈન વિટ્રો ટ્રાન્સક્રિપ્શન પણ કહેવામાં આવે છે. કૈટેલિક આ પ્રોસેસને ૯૦ના દાયકાથી વિકસીત કરી રહી હતી. આ દરમિયાન ડ્રૂ વેઈસમેન કેટેલિકના નવા સાથી બન્યા. જેઓ શ્રેષ્ઠ ઈમ્યૂનોલોજિસ્ટ છે. ત્યારબાદ બંનેએ મળીને ડેંડ્રિટિક સેલ્સની તપાસ કરી. કોવિડ દર્દીઓની ઈમ્યૂનિટી તપાસી. ત્યારબાદ વેક્સીનથી ઉત્પન થતા ઈમ્યૂન રેસપોન્સને વધાર્યું. તેમણે એમઆરએનએ પ્રોસેસથી વેક્સીન બનાવી, જેનાથી લોકોને કોરોનામાંથી રાહત મળી. ૧૯૫૫માં હંગેરીની જોલનોકમાં કૈટેલિક કૈરિકોનો જન્મ થયો હતો. તેમણે ૧૯૮૨માં જેગેડ યૂનિવર્સિટીમાંથી પીએડી કરી, ત્યારબાદ હંગેરિયન એકેડમી ઓફ સાયન્સમાં પોસ્ટ ડોક્ટરોલ ફેલોશિપ પૂર્ણ કરી. ત્યારબાદ તેમણે ફિલાડેલ્ફિયાના ટેંપલ યુનિવર્સિટી-માં પોસ્ટ ડોક્ટોરલ રિસર્ચ પૂર્ણ કર્યુ અને પછી તેઓ પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેશર બની.

## દેશના છ શહેરમાંથી દુર્લભ પ્રજાતિના ૯૫૫ કાચબા જપ્ત

। નવી દિલ્હી, તા.૨ ।

ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે કાચબાની તસ્કરી કરનારી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ કાચબા ગંગા નદીમાંથી મળી આવતા દુર્લભ પ્રજાતિના કાચબા છે. આ કાચબાની સબંધિત પ્રજાતિને વન્યજીવ કાયદો ૧૯૭૨ હેઠળ રેડ લિસ્ટમાં નાખવામાં આવી હતી. ગંગા નદી કિનારે મળી આવતા દુર્લભ પ્રજાતિના કાચબાની તસ્કરી થઈ રહી હતી. આવી સ્થિતિમાં ડીઆરઆઈ દ્વારા 'ઓપરેશન કચ્છપ' ચલાવવામાં આવ્યું હતું. તે હેઠળ નાગપુર, ચેન્નઈ સહીત દેશના છ શહેરામાં એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડામાં દુર્લભ પ્રજાતિના ૯૫૫ કાચબા જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઓપરેશન સફળ થતાં ડીઆરઆઈએ કહ્યું કે, દુર્લભ પ્રજાતિના ૯૫૫ કાચબા જપ્ત કરવામાં આવ્યા છે. જેની કિંમત બજારમાં ૧ કરોડ રૂપિયાથી વધુ છે. ડીઆરઆઈએ 'ઓપરેશન કચ્છપ' હેઠળ નાગપુર, ભોપાલ, ચેન્નાઈ સહીત દેશના ૬ શહેરોમાં દરોડા પાડ્યા હતા. આ મામલે ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. વિભાગને કાચબાની તસ્કરીમાં મોટી ગેંગની સંડોવણી હોવાની માહિતી મળી હતી. આ માહિતી બાદ ડીઆરઆઈએ દરોડા પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે ડીઆરઆઈની ટીમને એવી ગુપ્ત માહિતી પણ મળી હતી કે જીટી એક્સપ્રેસ દ્વારા લખનૌથી ચેન્નાઈ તરફ કાચબાની તસ્કરી કરવામાં આવી રહી છે. આ સૂચના મળતા જ ડીઆરઆઈએ નાગપુરમાં કાર્યવાહી શરૂ કરી દીધી હતી અને આ મામલે ૬ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

## ઈપીએફઓ ક્યારેય કોઈની અંગત જાણકારી માગતું નથી

। નવી દિલ્હી, તા.૨ ।

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન - ઈપીએફઓએ તેના તમામ સભ્યોને અલર્ટ જારી કર્યુ છે... ઈપીએફઓએ કહ્યું કે, તેઓ ક્યારેય ફોન, ઈ-મેઈલ અને સોશિયલ મીડિયા દ્વારા કોઈપણ સભ્યની અંગત જાણકારી માંગતું નથી... તમામ સભ્યોએ ક્યારેય કોઈને પણ પોતાની અંગત માહિતી શેર ન કરવી જોઈએ. ઈપીએફઓએ સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર પોસ્ટ સાથે લખ્યું છે કે, ફેક કોલ અને મેસેજથી સાવધાન રહો... ઈપીએફઓ ફોન, ઈ-મેઈલ અને સોશિયલ મીડિયાદ્વારાકોઈપણસભ્યનીમાહિતીક્યારેય માગતું નથી... ઉપરાંત ઈપીએફઓએ એક પોસ્ટ પણ શેર કરી છે, જેમાં લખવામાં આવ્યું છે કે, સાવધાન રહો, સતર્ક રહો... તમે ક્યારેય પોતાનો યુએએન નંબર, પાસવર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ, બેંક એકાઉન્ટની માહિતી, ઓટીપી અથવા અન્ય વ્યક્તિગત અથવા નાણાંકીય માહિતી કોઈને સાથે શેર કરશો નહીં... ઈપીએફઓ અથવા તેમના કોઈપણ કર્મચારી મેસેજ, ફોન, ઈ-મેઈલ, વોટ્સઅપ અથવા સોશિયલ મીડિયાના માધ્યમથી ક્યારેય આવી વિગતો માંગતી નથી.

## વિશેષ

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની ૧૫૫મી જન્મ જયંતીએ પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પી

# મહાત્મા ગાંધીના જન્મ સ્થળ પોરબંદર કીર્તિ મંદિર ખાતે પ્રાર્થના સભામાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ







મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની ૧૫૫ મી જન્મ જયંતિએ પૂજય બાપુના જન્મ સ્થળ પોરબંદર કીર્તિ મંદિર ખાતે રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ અર્પી હતી. ગાંધીજીને પ્રિય એવી સ્વચ્છતા માટે સમગ્ર રાષ્ટ્રમાં સ્વચ્છ ભારત મિશનનો સંદર્ભ આપ તા મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતુ કે આઝાદીના ૭ દાયકામાં સ્વચ્છતા માટે મહત્વનું કાર્ય જન ભાગીદારી સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી સગૌરવ જણાવ્યું કે, સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ સમગ્ર રાષ્ટ્રમાં-ગુજરાતમાં સૌ એક કલાકના શ્રમદાનમાં ગાંધીજીની જન્મ જયંતીની પૂર્વ સંધ્યાએ જોડાયા છે.

સ્વચ્છતા કોઈ એક દિવસનું કાર્ય નથી પરંતુ સૌની સામૂહિક જવાબદારી -સામાજિક દાયિત્વ છે તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આ કાર્ય આગળ ધપાવાનું છે અને કાયમી મંત્ર બનાવવાનો છે તેમ પણ જણાવ્યું હતું.

સત્ય, અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ ચિંધી સમગ્ર વિશ્વને પ્રેરણા આપનારા પૂજ્ય બાપુના વિચારોને આત્મસાત કરવા આહવાન કરતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે અંત્યોદયથી સર્વોદયનો મહાત્મા ગાંધીનો મંત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં રાષ્ટ્રમાં સાર્થક થયો છે. મુખ્યમંત્રીશ્રીએ મહાત્મા ગાંધીના પ્રાર્થના અંગેના વિચારોને આત્મસાત કરવા તેમજ પ્રાર્થનાથી આત્મ શુદ્ધિ થાય છે અને વિશ્વભરમાંથી પ્રવાસીઓ કીર્તિ મંદિર આવીને પ્રેરણા મેળવે છે તેમ પણ જણાવ્યું હતું.

સત્યાગ્રહના માર્ગે દેશની આઝાદી અને મહાત્મા ગાંધીના સ્વરાજ અને ખાદીના વિચારોને સાકાર કરવા આત્મનિર્ભર ગુજરાતથી આત્મ નિર્ભર ભારત સંદર્ભમાં ખાદીને ગુજરાતમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આજથી ૩૧ ડિસેમ્બર સુધી ખાદીના વેચાણ પર ૨૦ ટકાનું વળતર આપવામાં આવશે. પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુનું જીવન એ જ એમનો સંદેશો છે. પૂજ્ય બાપુના વિચારો અને સિધ્ધાંતો ભલે તે સમયના હોય પણ આજે પણ તે એટલા જ પ્રાસંગિક અને પ્રેરણાદાયી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, પૂજ્ય બાપુ સ્વચ્છતા આગ્રહી હતા. બાપુના વિચારો અને મૂલ્યોને કંડારીને દીર્ઘ દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજય બાપુની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે સમગ્ર દેશમાં સ્વચ્છતાનું રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું હતું. જાહેર સ્થળો સહિત સ્વચ્છ અને સુઘડ રહે તે માટે "સ્વચ્છતા હી સેવા" જન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગઈકાલે સૌએ એક કલાક શ્રમદાન કર્યું હતું. આપણે સૌ સ્વચ્છતા જાળવીયે તે જ બાપુને સાચી શ્રદ્ધાંજલિ છે. કીર્તિ મંદિરમાં નીરવ જોશી અને શિક્ષકોએ ભાવવંદના સંગીત સાથે પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રીશ્રીને પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા ચરખો તેમજ જિલ્લા કલેકટરશ્રી કે. ડી.લાખાણી દ્વારા પૂજ્ય બાપુ તૈલચિત્ર ની સ્મૃતિ ભેટ આપવામાં આવ્યા હતા. તેમજ પ્રાર્થનાસભામાં ઊપસ્થિત સૌ કોઈએ સ્વચ્છતાના શપથ લીધા હતા. કીર્તિ મંદિર સર્વધર્મ પ્રાર્થના સભામાં રાજ્યસભા સાંસદશ્રી રામભાઈ મોકરીયા, પોરબંદર સાંસદશ્રી રમેશભાઈ ધડુક, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરબતભાઈ પરમાર,નગરપાલીકા પ્રમુખ શ્રીમતી ચેતનાબેન તિવારી, ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, કલેકટરશ્રી કે. ડી. લાખાણી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.બી.ઠક્કર, રેન્જ આઈજીશ્રી નિલેશ જાજડીયા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ભગીરથસિંહ જાડેજા, પોરબંદર-છાયા, પૂર્વ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, અગ્રણીશ્રી રમેશભાઈ ઓડેદરા, શ્રી પ્રશાંત કોરાટ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નગરજનો ઊપસ્થિત રહી પૂજ્ય મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ન્યુઝ બોક્ષ

### અમદાવાદના મનપસંદ જીમખાના પર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રેડ પડાઈ

। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં ધમધમતા જુગારધામ પર ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૨૭ શકુનીઓની ધરપકડ કરી છે. મનપસંદ જીમખાનામાં એક મહિનામાં ૨ મોટી રેડ થતાં સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલ ઉઠ્યા છે. મનપસંદ જીમખાના પર અત્યાર સુધીમાં એક ડઝનથી વધુ વખત દરોડા પડ્યા છે, પરંતુ દરોડા બાદ આરોપીઓ મોટું સેટિંગ કરી ફરી જુગારધામ ધમધમતું કરી નાખે છે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, દરિયાપુર પોલીસ સ્ટેશનથી માંડ ૧૦૦ મીટર દૂર આવેલા મનપસંદ જીમખાનામાં ફરી જુગારધામ ધમધમી રહ્યું હોવાની ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. જેના આધારે મોડીરાત્રે આ જુગારધામ ઉપર ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓએ દરોડો પાડ્યો હતો. આ દરમિયાન જીમખાનામાં ૨૭ જેટલા જુગારીઓ જુગાર રમતા રંગેહાથે ઝડપાયા હતા. જીમખાનાની આડમાં જુગારનો અડ્ડો ચલાનારા ગોવિંદ પટેલની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ક્રાઈમ બ્રાન્ચે રોકડ, મોબાઈલ ફોન, વાહન તેમજ જુગારના સાધનો મળીને લાખોની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ૧ મહિનામાં ૨ મોટી રેડ થતા સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલ ઉઠ્યા છે. મનપસંદ જીમખાનાના માલિકો સાથે સ્થાનિક પોલીસની સાંઠગાંઠ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬ જૂન ૨૦૨૧ના રોજ પણ મનપસંદ જીમખાનામાં ચાલતા જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડ્યો હતો, ત્યારે જુદા જુદા ૭ મકાનોમાંથી જુગાર રમતા ૧૮૦ લોકો પકડાયા હતા.

### ચોથીએ મોટેરા સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ઓપનિંગ સેરેમની

। અમદાવાદ, તા.૨ ।

આઈસીસી વન ડે વર્લ્ડ કપ ૨૦૨૩નો શંખનાદ થોડા જ દિવસોમાં શરૂ થવા જઈ રહ્યો છે. ભારત પહેલી વખત વર્લ્ડ કપની એકલુ મેજબાની કરી રહ્યુ છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ૫ ઓક્ટોબરે ટુર્નામેન્ટની પહેલી મેચ રમવામાં આવશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આયોજિત થશે. ૪ ઓક્ટોબરે આ સ્ટેડિયમમાં વર્લ્ડ કપ ઓપનિંગ સેરેમની થશે, જેમાં બોલીવુડની જોરદાર ધમાલ જોવા મળશે. ઓપનિંગ સેરેમનીમાં એક્ટર રણવીર સિંહ અને એક્ટ્રેસ તમન્ના ભાટિયા પોતાના ડાન્સથી ક્રિકેટ ચાહકોનું મનોરંજન કરશે. દિગ્ગજ ગાયિકા આશા ભોસલે અને જાણીતા પ્લેબેક સિંગર અરિજિત સિંહ પોતાના અવાજનો જાદુ ચલાવશે. આ સિવાય શ્રેષ્ઠ સિંગર શ્રેયા ઘોષાલ પણ પરફોર્મ કરશે. સાથે જ સંગીતકાર અને ગાયક શંકર મહાદેવન પણ પરફોર્મ કરશે. મહાદેવને ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડ કપની થીમ સોન્ગ દે ઘુમાકે ગાયુ હતુ, જે ખૂબ પસંદ કરવામાં આવ્યુ હતુ. તેમણે દે ઘૂમાકેને અહસાન અને લોય સાથે મળીને તૈયાર કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે વર્લ્ડ કપ રાઉન્ડ રોબિન ફોર્મેટમાં રમવામાં આવશે, જેમાં ૧૦ ટીમો ટ્રોફી માટે ટક્કર કરશે. એક ટીમે ૯ લીગ મેચ રમવાની છે. ટોપ-૪ ટીમ સેમિફાઈનલમાં એન્ટ્રી કરશે. ફાઈનલ ૧૯ નવેમ્બરે રમાશે. રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ટીમ વર્લ્ડ કપમાં પોતાના અભિયાનની શરૂઆત ૮ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે કરશે. જે બાદ ભારતની ૧૧ ઓક્ટોબરે અફઘાનિસ્તાન સામે ટક્કર થશે. ભારત ૧૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે ટકરાશે. બંને ટીમ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટકરાશે.





ઓમકારસિંહ ચૌહાણ - સંતરામપુર





આજરોજ સંતરામપુર મુકામે વિશ્વને સત્ય અને અહિંસાનો શાશ્વત સંદેશ આપનાર, ઉચ્ચ જીવનમૂલ્યો અને સાદગીના પર્યાય પ્રાતઃસ્મરણીય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના અવસર નિમિત્તે પ્રતાપપુરા સ્થિત ભાજપ કાર્યાલય ખાતે મહિસાગર જીલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયા સાહેબની ઉપસ્થિતમાં પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે તાલુકા મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, નગર મહામંત્રી શ્રી નિતિનભાઈ રાણા અને મનોજભાઇ ગૌતમ, જીલ્લા એસ. સી. મોરચાના પ્રમુખ દિપકભાઈ ચાવડા, BL1 શ્રી મહેન્દ્રભાઇ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ શ્રી શિવાભાઈ વણકર, પૂર્વ પાલિકા ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ ઉપાધ્યાય અને સંદિપભાઈ પરમાર, ડો. હેમંતભાઈ મહાજન, મણિલાલ પાંડોર, સંગઠન મંત્રી શ્રી સંજયભાઇ પ્રજાપતિ, યુવા મોરચા પ્રમુખ શ્રી મયંકભાઈ ભોઇ વિશાલભાઈ પટેલ, જતીનભાઈ પટેલ,સંતોષભાઇ જોષી, ઓમકારસિંહ ચૌહાણ સહીત પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં મહાત્મા ગાંધીજીના જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી

। ઝાલોદ, તા.૨ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ બાળકો, અપંગ બાળકો અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ મહાત્મા ગાંધીજીની છબીને ફૂલહાર પહેરાવીને મહાત્મા ગાંધીજીની જય જયકારના નારા લગાવ્યા હતા અને મહાત્મા ગાંધી અમર રહો અને તેમની છબીને ફુલહારઅર્પણકરવામાં આવેલ.૨જી ઓક્ટોબર ના રોજ મહાત્મા ગાંધીજીના જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી. જેમાં દિલીપકુમાર મકવાણાએ મહાત્મા ગાંધીજીના જન્મ થી માંડીને પોતાના જીવનમાં કરેલ કાર્યો વિશે જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. દેશ માટે જે કાર્યો કર્યા છે તેમની સમજ આપવામાં આવી હતી. અહિંસા અને સત્યાગ્રહ તેમના શસ્ત્રો હતા અને મહાત્મા ગાંધી સત્યના પૂજારી હતા એ વિશે બાળકોને માહિતી આપવામાં આવી હતી. તમામ બાળકોને ચોકલેટો આપવામાં આવી હતી. અને મહાત્મા ગાંધીજીને શત શત પ્રણામ કર્યા હતા. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ના જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.



### ઝાલોદ નગરમાં

# વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગુજરાત પ્રાંતની સૌયે જાગરણ યાત્રા આવતા તેનું સ્વાગત કરાયું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨ ।

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આખાં ગુજરાતમાં સનાતની હિન્દુ ભાઈ બહેનોને સાથે રાખી સૌયે યાત્રા કાઢવામાં આવી રહી છે તે સંદર્ભે આજરોજ તારીખ ૦૧-૧૦-૨૦૨૩ રવિવારના રોજ આ યાત્રા નગરમાં કાઢવામાં આવેલ હતી. આ યાત્રા નગરના સોમનાથ મહાદેવ મંદિરે થી આરતી કરી જય શ્રી રામનાં નારા સાથે નગરના દરેક વિસ્તારોમાં ફરી હતી. આ યાત્રાનો મુખ્ય ઉદેશ અયોધ્યામાં બની રહેલ ભગવાન શ્રી રામનું ભવ્યાતિભવ્ય મંદિર પૂર્ણ થવાના આરે છે.

અયોધ્યામાં ભગવાન રામનું ભવ્ય રામ મંદિર બને તેવા સંકલ્પ સાથે કેટલાંક સનાતની હિન્દુ ભાઈઓ શહિદ થયેલ હતા. કારસેવામાં બલિદાન આપનાર તેમજ કરસેવસમાં જોડાયેલ લાખો હિન્દુ સનાતની ભારતીયોનું સપનું પૂર્ણ થવાના આરે છે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ભગવાન શ્રી રામ જન્મભૂમિ પર ભગવાન શ્રી રામનુ મંદિર બનાવવા માટે જે સંકલ્પ લીધો હતો તે હવે સાકાર થવા જઈ રહેલ છે. આ કાર્યને વધાવી લેવાં આખાં ભારત વર્ષમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા સૌયે યાત્રા કાઢવામાં આવી રહેલ છે.

ઝાલોદ નગરમાં આ યાત્રા ડીજેની સાથે ભક્તિ ભાવ પૂર્વક નગરના માર્ગો પર ફરી મીઠાચોક ખાતે પૂર્ણ થયેલ હતી. મીઠાચોકમાં ખાતે યોજાયેલ ધર્મ સભામાં કારસેવામાં જોડાયેલ સનાતની હિન્દુ ભાઈઓનું સન્માન કરવામાં આવેલ હતું તેમજ કારસેવામાં શહીદ થયેલ રાજેશ સોનીને પણ યાદ કરી તેને ભાવાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી.

## ઝાલોદ વ્હોરા સમાજ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બસ સ્ટેશનની અંદર સફાઈ શ્રમદાન કરવામાં આવ્યું

। ઝાલોદ, તા.૨ ।

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર સુધી આખા ભારત દેશમાં સ્વછતાં માટે શ્રમદાન કરવા હાકલ કરેલ છે તે અંતર્ગત ઝાલોદ નગરના વ્હોરા સમાજ દ્વારા આજ રોજ-૦૨-૧૦-૨૦૨૩ ના ગાંધી જયંતિ અને લાલ બહાદુર શાસ્ત્રીજી ની જયંતિના દિવસે બસસ્ટેશનની અંદર સ્વચ્છ ઝાલોદ અભિયાન હાથ ધર્યું હતું. વ્હોરા સમાજ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બસસ્ટેશનની અંદર ચારેબાજુ સાફ સફાઈ અભિયાન આદર્યું હતું તેમના આ અભિયાનને સાર્થક કરવાં માટે નગર પાલિકાના કામદારો, એસ.ટી વિભાગના કામદારો તેમજ નગરના અગ્રણી સેવાભાવી લોકોના સહકાર થકી ઝુંબેશ આદરવામાં આવેલ હતી. વ્હોરા સમાજ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત શ્રમદાન કરવામાં આવેલ હતું. તેમના દ્વારા કરવામાં આવેલ શ્રમદાન સાચા અર્થમાં સ્વચ્છ ઝાલોદ મારું ઝાલોદના સૂત્રને સાર્થક કરતું હતું. સ્વચ્છ ઝાલોદ મારું ઝાલોદમાં બસ સ્ટેશન વિસ્તારની સફાઈ સાચા અર્થમાં સાર્થક કરવામાં આવેલ હતી. ઝાલોદ એસ. ટી વિભાગ દ્વારા પણ વ્હોરા સમાજ દ્વારા કરેલ બસ સ્ટેશનની અંદર કરેલ સફાઈ માટે આભાર માનવામાં આવેલ હતો.



### વડોદરાની દુષ્કર્મ પીડિતાએ એક બાળકીને જન્મ આપ્યો

। અમદાવાદ, તા.૨ ।

ગુજરાત હાઈકોર્ટમાં ગર્ભપાત માટેના કેટલાક કિસ્સા થોડા સમયમાં આવ્યા હતાં. ત્યારે હાઈકોર્ટમાં વડોદરાની દુષ્કર્મ પીડિત સગીરાના ગર્ભપાત માટેની અરજી કરવામાં આવી હતી. જજ સમીર દવેની કોર્ટમાં રજૂ કરવામાં આવેલી આ અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ પ્રમાણે ૨૪ સપ્તાહ સુધીના ગર્ભમાં જ ગર્ભપાત માટે મંજૂરી મળે છે. કોર્ટે સગીરાની મેડિકલ તપાસ માટે એસએસજી હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટને ડૉકટરોની પેનલ દ્વારા તાત્કાલિક શારીરિક અને માનસિક તપાસના આદેશ આપ્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટે એવું એવલોકન કર્યું હતું કે, પીડિતાનો મેડિકલ અને કાયદાકીય રીતે ગર્ભપાત કરી શકાય નહિ.

### સંતરામપુર ખાતે ઐતિહાસિક રવાડીના મેળાનું ઉદ્‌ઘાટન

# કેબીનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીડોર તથા દાહોદ લોકસભા સાંસદ જશવંતસિંહ ભાભોરના વરદ હસ્તે મેળાનું શુભારંભ થયુ



। મહિસાગર બ્યૂરો ચીફ - સંતોષ જોષી તા.૨ ।

સંતરામપુર નગરના ઐતિહાસિક રવાડીના મેળાનું ઉદ્‌ઘાટન ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર તથા દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોરના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે બન્ને મહાનુભાવોએ મેળાની ભવ્યતા વિષે અને જૈનના પવિત્ર દિવસો મેળામાં શાંતી, સુલેહ અને વ્યવસ્થા જાળવવા સૌને અનુરોધ કર્યો હતો, આ શુભ પ્રસંગે જિલ્લા પ્રમુખ દશરથસિંહ બારીયા, જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી રાવજીભાઈ પટેલ, મેળાના ઈન્ચાર્જ મામલતદારશ્રી સંગાડા, ચીફ ઓફિસર હઠીલા, એપી.એમ.સી. ચેરમેન શાંતિલાલ પટેલ તા પંચાયત પ્રમુખ હરેશ વળવાઈ મંડલ પ્રમુખ બળવંત પટેલીયા, મહામંત્રી છગનભાઈ માલ, નગર પ્રમુખ સંદિપભાઈ લોઈ, જિલ્લા મંત્રી નિશાબેન મોદી દુર દુરથી આવેલ ધંધાર્થીઓ નગરજનો તથા ખુબ મોટી સંખ્યામાં વેપારી કાર્યકર્તાઓ તથા મિડીયાના કર્મીઓ હાજર રહ્યા હતા.

# હાર્ટએટેકથી ખેલૈયાઓને બચાવવા ગ્રાઉન્ડ ઉપર ડોક્ટરોની ટીમ રહેશે

। અમદાવાદ, તા.૨ ।

નવરાત્રિ એટલે યુવાનોમાં થનગનાટનો અવસર, મિત્રોની સંગતમાં ગરબાની રમઝટ એવી જામે છે કે યુવાનો શારીરિક થાકને પણ ભૂલી જાય છે. થાક છતાં યુવાનો ગરબા રમવા દોરાય છે. ગુજરાતીઓ માટે ગરબા માટેનો આ લગાવ સ્વાભાવિક પણ છે. જો કે ગરબાની રમઝટમાં યુવાનોએ સાવચેત રહેવાની જરૂર છે. સાવચેતીનો અભાવ જીવલેણ સાબિત થઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી જે રીતે કિશોર વયના છોકરા હાર્ટ એટેકને કારણે અકાળે મૃત્યુને ભેટી રહ્યા છે, તેને જોતાં ગરબા રમતી વખતે સાવચેતી જાળવવી જરૂરી છે. અહીં ગરબા અને હાર્ટ એટેકને સાંકળીને વાત એટલા માટે કરાઈ છે, કેમ કે છેલ્લા ૧૦ દિવસમાં ગરબા રમતાં રાજ્યમાં ૩ યુવાનોએ જીવ ગુમાવ્યો છે. ત્યારે સવાલ એ છે કે જો ચાલુ નવરાત્રિમાં કોઈને આવી સમસ્યા થાય તો ગરબા આયોજકો પાસે શું પ્લાનિંગ છે. હવે ગરબાના સ્થળ પર ડોક્ટરોની ટીમ મૂકાવવાનો સમય આવી ગયો છે. જેથી ગરબા ગ્રાઉન્ડ પર ઈમરજન્સીના સમયે આવા દર્દીનો જીવ બચાવી શકાય.

ગુજરાતમાં હૃદયરોગના કિસ્સાઓ વધી રહ્યાં છે. આવામાં ગરબા આયોજકોએ હવે ગરબા સ્થળ પર ડોક્ટરોની ટીમ મૂકવી પડે તેવો સમય આવ્યો છે. આ માટે ગુજરાતમા કેટલાક ગરબા ગ્રાઉન્ડના આયોજકોએ આગોતરા પ્લાનિંગ કરી દીધું છે. અનેક ગરબા આયોજકો ગરબા ગ્રાઉન્ડ પર મિની હોસ્પિટલ જેવો માહોલ ઉભો કરશે. જો ગરબા રમતા દરમિયાન તમારી તબિયત થોડી પણ બગડે તો રાહ જોયા વગર તાત્કાલિક મદદ માંગી લેજો. નવરાત્રિમાં ગરબા દરમિયાન ગ્રાઉન્ડ પર ધૂળ ઉડવાના ચાન્સ વધારે છે તેથી લોકોને શ્વાસ સંબંધી અનેક બીમારીઓ થઈ શકે છે. આવામાં હવે ગરબા ગ્રાઉન્ડ પર હોસ્પિટલની સુવિધા મળી રહે તે બહુ જ જરૂરી બન્યું છે.

તો કયા ગરબા આયોજકોએ શું વ્યવસ્થા કરી છે તે જોઈએ... મા શક્તિ ગરબા મહોત્સવ : ચાર એમ્બ્યુલન્સ સ્થળ પર હશે અને બે હોસ્પિટલની ટીમ રહેશે. યુનાઈટેડ વે ગરબા : આ ગરબાના આયોજકો દ્વારા બે લોકેશનમાં ડોક્ટર અને મેડિકલની ટીમ રાખવામાં આવે છે. ખોડલધામ નવરાત્રિ મહોત્સવ : આ વર્ષે મેડિકલ સ્ટાફ સહિત કુલ ૧૦ લોકોની ટીમ તહેનાત રખાઈ છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સની સુવિધા છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨